# જ્યોતિપુંજ
# JYOTI PUNJ

R.N.I. No. : 11555 / 1966
Vol No. 66
Issue No. 8
November - 2021
Price Rs. 1/-
Total : 40 Pages





legrand
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL
INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

વર્ષ ૬૫ | અંક ૮ | તારીખ ૨૧-૧૧-૨૦૨૧

છુટક કિંમત : રૂ.૧/- વાર્ષિક લવાજમ : રૂ.૧૦/-

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
નિલેશ દેસાઈ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org

# ૐ કાર ગુંજારવ.....
## ધાર્મિક, આધ્યાત્મિક, અર્થ તથા ગૂઢાર્થ

**તંત્રી સ્થાનેથી**

- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

ૐ એટલે જ પરમકૃપાળુ પરમાત્મા, પરમેશ્વર, સર્વેશ્વર, યોગેશ્વર, કાલેશ્વર, દેવોના દેવ મહાદેવ.

ૐ કાર સર્વત્ર છે, એનો નાદ સર્વત્ર બ્રહ્માંડમાં, વાતાવરણમાં હાજરા હજૂર છે.

બંને હાથની હથેળીનો ખોબો બનાવી બંને કાન બંધ કરવામાં, ઢાંકવામાં આવે છે ત્યારે આ ગુંજારવ સંભળાય છે. તેના નાદ બ્રહ્મમાંથી પૃથ્વીની વ્યુત્પત્તિ થઈ.

ૐ કાર ત્રણ અક્ષરનો બનેલો શબ્દ છે. અ... ઉ... અને મ. નાભિ તરફ નાભીમાં 'અ', ગળામાં 'ઉ' અને બંને હોઠ બંધ થતા, બીડાતા 'મ'

ૐ કાર પવિત્ર છે, મનને શાંત કરનારો છે, વિચારોને હણનારો છે.

ૐ એટલે જ સ્વયં શિવ
શિવ સત્ય છે, ૐ સત્ય છે
શિવ સુંદર છે.

ૐ એટલે જ સત્યમ, શિવમ્, સુંદરમ્
સત્ય-સ્વરૂપ ૐ ચિત્તની એકાગ્રતા વધારનારો, મનને રજોગુણ-તમોગુણ થી મુક્ત કરી સત્વ ગુણ વધારનારો છે. આનંદ આપનારો છે.

ૐ એટલે સચ્ચિદાનંદ... સત્ + ચિત્ત + આનંદ સ્વરૂપ.

ૐ એટલે ફૂલોનો પમરાટ, કોયલનો ટહુકાર, મોરપિચ્છની સુંદરતા અને આમ્રરસની મધુરતા. પળે પળે બદલાતી નિર્સગ (કુદરત)ની રૂપ-સુંદરતા (સૌંદર્યતા)


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

ૐ એટલે આભા-મંડળનું તેજ, હૃદયની ધડકન (હૃદયનો સ્વર) અને બુદ્ધિ પ્રતિભા અર્થાત પ્રજ્ઞા.

ૐ જડ અને ચેતનમાં વ્યાપ્ત છે. સજીવની ચેતનતા એટલે સ્વયં ૐ.

ૐ નો રવ, ગુંજારવ એટલે આત્મા-પરમાત્માનો મિલન સેતુ. શક્તિના શિવ સાથેના મિલનની મનોહર ઘડી. મૂલાધારથી સહસ્ત્રદળ ચક્ર તરફની યાત્રાનું સત્ય.

ૐ એટલે સગુણ સાકાર સ્વરૂપ શંકર-શિવ.

ૐ એટલે બિંદુ સ્વરૂપ, લિંગ-સ્વરૂપ નિર્ગુણ, નિરાકાર શિવ સર્વત્ર તમામ રજ, કણ, કણ-કણમાં વ્યાપ્ત છે. ૐ ઈશ્વરના નામની આગળ ૐ લગાડવાથી, જોડવાથી મંત્ર બને છે. મંત્ર ઉપાસના શિવ-શક્તિની ઉપાસનાનું કારણ બને છે.

ૐ કારનું શરણ એટલે શિવનું શરણ.

દુર્ગુણો - ઉંઘ, આળસ, અજ્ઞાન, રોગ, કામ ઈત્યાદિ દોષોનો નાશ કરનાર શિવ, અહિત ને હણનાર શિવ.

ૐ કાર એટલે સ્ફૂર્તિ, જ્ઞાન, સ્નેહ, સંયમ, શાંતિ, શૌર્ય, પ્રસન્નતા ઈત્યાદિ ગુણોનો દાતા. સૌનું હિત કરનારો.

ૐ કાર એટલે પ્રેમરસ, અમીરસ થી સભર. સત્વ બક્ષનારો.

કલ્યાણકારી શિવ -કલ્યાણકારી ૐ કાર : આવો આ નાદનો આનંદ લઈએ. સુખની પ્રાપ્તિ કરીએ, શાંતિનો અહેસાસ કરીએ.

ૐ કાર એટલે પરમસુખ, પરમ આનંદ, પરમ શાંતિ,

**ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ**

**પળે પળે બદલાતી નિસર્ગ (કુદરત) ની રૂપ-સૌંદર્યતા :-**

કુદરતની આ લીલા છે. શિવની અનન્ય લીલા છે. એક જ વૃક્ષના દરેક પર્ણ અલગ, કોઈ એક સરખા નહીં. માનવીના ચહેરા અલગ-અલગ. ચહેરા-ફિંગર પ્રિંટ અલગ. કુદરતની સર્વ વનસ્પતિ - વનરાજી, પક્ષીઓ, પ્રાણીઓ, દરિયાઈ જીવની અપાર વિવિધતા, માટી-પત્થર-કંકરની વિવિધતા.

ઘરમાં બનેલી વાનગીની વિવિધતા. કહેવાય રોટલી પણ કોઈ એક સરખી નહીં. બધી બધા થી અલગ હોય છે. કુદરત તરફથી હર પળ મળતા શ્વાસ પણ નવા જ આપણે લઈએ છીએ. આ છે કુદરતની લીલા, હર પળ નવી લીલા.

## પશ્ચિમોતાનાસન

૮૪ લાખ આસનોમાં ભગવાન શિવજીનું પ્રિય આસન પશ્ચિમોતાનાસ - ઉગ્રાસન (બીજું નામ) કેવી રીતે કરવું ?

**પૂર્વસ્થિતિ :** બંને પગને લાંબા રાખીને બેસો. બંને ઘૂંટણ પર એક એક હાથ (હથેળી) રાખી દો. (ડાબા પગ પર ડાબો વગેરે)


Yoga By Bankim Parikh

Online yoga sessions

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

★ Diabetes Patients
★ Cancer Patients
★ Heart Patients
★ Senior Citizen
★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

**પૂરક :** પૂરક કરતાં કરતાં બંને હાથ ઉપર લઈ જવા. કમરમાંથી સીધા થવું.

**રેચક :** રેચક કરતાં કરતાં નીચે ઝુકવું. અંગૂઠો તથા પહેલી બે આંગળી (તર્જની, મધ્યમા) દ્વારા ડાબા હાથથી ડાબા પગનો અને જમણા હાથથી જમણા પગનો અંગૂઠો પકડી લેવો. કપાળને ઘૂંટણ પર ટેકવી દેવું અને બંને કોણી જમીન પર લગાડી દેવી.

**પૂરક :** પૂરક કરતાં કરતાં પાછા ઉંચા થવું. બંને હાથને ઉપર ખેંચવા. કમરમાંથી પૂર્વવત સીધા થઈ જવું.

**રેચક :** રેચક કરતાં કરતાં બંને હાથની હથેળી જે તે ઘૂંટણ પર રાખી દેવી (દા.ત. ડાબા ઘૂંટણ પર ડાબી હથેળી)

**ફાયદા :** આ આસન વિશિષ્ટ લાભ આપનારું છે.

(૧) જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે.

(૨) ઉદર ને કૃશ કરીને (ચરબી ઓછી કરીને) મોટાપો દૂર કરે છે. કમરને પાતળી બનાવે છે.

(૩) પાચનતંત્ર (Digestive System), ઉત્સર્ગ તંત્ર (Urinery, Excretory System), પ્રજનન તંત્ર (Reproductive System) પર વિશિષ્ટ પ્રભાવ પાડે છે.

(૪) પાચન તંત્રના બધા જ અવયવો જઠર (Stomach), ગૉલ બ્લેડર, પેનક્રીયાઝ, લીવર, આંતરડા (Intestines) પર વિશિષ્ટ પ્રભાવ પાડે છે. ગેસ, અપચો, ઓડકાર, બંધકોશ, કબજીયાત પેટની સર્વ પ્રકારની તકલીફ દૂર કરે છે.

(૫) કિડની, પ્રોસ્ટ્રેટ ગ્રંથિની તકલીફ દૂર કરે છે.

(૬) સ્વપ્ન દોષ, યૌન રોગોને દૂર કરે છે.

(૭) ઠીંગણાપણું દૂર કરે.

(૮) જ્ઞાનતંતુની નિર્બળતા વગેરે વિકાર દૂર કરે છે.

(૯) અનિચ્છાવર્તી રજ્જુઓ (તંત્રના જ્ઞાનતંતુઓ) ઉત્તેજન પામી સારી અને તંદુરસ્ત સ્થિતિમાં રહે છે. (Parsympathetic)

(૧૦) તે શ્વાસને બ્રહ્મનાડી અને સુષુમ્ણા માંથી વહેવા પ્રેરે છે. P P




TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
POLYCAB
FANS
Concealed Metal Boxes
For
Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# પ્રકૃતિ શિક્ષણ શિબિરના હેતુઓ

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ષ્કાપારેખ)
(સંકલન)

પ્રકૃતિ શિક્ષણનો પ્રમુખ હેતુ પ્રકૃતિના સાનિધ્યમાં રહી સ્વાનુભવ વડે કુદરતી સ્ત્રોતો, સિદ્ધાંતો, ક્રમો અને પર્યાવરણ તથા પ્રકૃતિના પરસ્પર અવલંબન વિશે બાળકો જાણકારી મેળવે અને તેમાંથી તેમનામાં સ્વયંભૂ પ્રકૃતિ પ્રત્યે લાગણી અને પ્રેમ જન્મે તે પુરતો મર્યાદિત હોવો જોઈએ.

**આ ઉપરાંત પ્રકૃતિ શિક્ષણ શિબિરના મુખ્ય હેતુઓ નીચે મુજબ ગણી શકાય.**

૧) પ્રાકૃતિક સ્થળોએ પ્રત્યક્ષ સંપર્કથી કુદરત અને કુદરતી સ્ત્રોતનું જ્ઞાન અને માહિતી મેળવવી.

૨) કુદરતી સ્ત્રોતોની જાળવણી, ઉપયોગીતા અને મહત્ત્વ બાબતે જાણકારી મેળવવી.

૩) પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને જીજ્ઞાસા ઉભી કરવી.

૪) પર્યાવરણ/કુદરતી સ્ત્રોતો પ્રત્યે માનવીના વ્યવહારમાં રચનાત્મક વિચારસરણી વિકસાવવી.

૫) પ્રકૃતિ/પર્યાવરણની જાળવણી માટે દરેક વ્યક્તિને જાગૃત કરી, તેની આંતરિક નિર્ણાયક શક્તિ ખીલવવી અને તેને લગતી પ્રવૃત્તિમાં સક્રિય થાય તેવા પ્રયત્નો કરવા.

૬) વ્યક્તિગત કે સામુહિક રીતે કુદરતી સ્ત્રોતની જાળવણીમાં સક્રિય બને તેવા પ્રયત્નોમાં ગતિશીલતા લાવવી.

**ઉપર મુજબના મુખ્ય હેતુઓની સાથે સાથે પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આડકતરી રીતે નીચે મુજબના હેતુઓ પણ સિદ્ધ થઈ શકે.**

૧) શિસ્ત, સાહસ, હિંમત, બહાદુરી, મિત્રભાવના, દેશપ્રેમ તથા વિશ્વ બંધુત્વની ભાવના જેવા ગુણ બાળકો/યુવાનોમાં ખીલવી શકાય.

૨) આ પ્રકારની શિબિરોમાં ચારિત્ર્ય ઘડતર, સંસ્કાર સિંચન તથા સેવાભાવના પણ કેળવાઈ શકે.

૩) પ્રકૃતિ પ્રેમી કે ચાહક બનતા જાહેર મિલકત અને કુદરતી સ્ત્રોતોની જાળવણી કરવાની વૃત્તિ કેળવાય છે.

૪) ભૌતિકવાદી જીવન પદ્ધતિથી કંટાળેલા શિબિરાર્થી કુદરતના સાનિધ્યમાં મર્યાદિત જરૂરિયાતો વચ્ચે સાદગીપૂર્ણ જીવનનો અનુભવ મેળવી શકે.

૫) શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શીખવાડવામાં આવતા અભ્યાસક્રમો વર્ગખંડ અને પુસ્તક પુરતાં હોય છે, જ્યારે શિબિર દરમ્યાન પ્રકૃતિ કે પર્યાવરણને લગતી બાબત ક્ષેત્રિય વાતાવરણમાં પ્રત્યક્ષ જુએ અને અનુભવી શકે છે.

પ્રકૃતિ શિક્ષણ શિબિર ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખી આયોજીત ધરવામાં આવે છે. આ દરમ્યાન શિબિરમાં આવનાર શિબિરાર્થીઓના જૂથ (લક્ષ્યજૂથો) ને ધ્યાનમાં રાખીને સમગ્ર શિબિર કાર્યક્રમનું માળખુ તૈયાર કરવું જોઈએ. PPP


NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

Selected Business Superbrand INDIA 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex**
**Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

# SMT. SHANTABEN SHANTILAL SHAH ( CHOKSI )
# EDUCATIONAL PRIZE DISTRIBUTION
## ACADEMIC YEAR 2020-2021

| NAME | STD | RANK |
|---|---|---|
| KADAKIA TIANA JIMISH | STD - 1 | 1 |
| PARIKH RIYASH JIGNESH | STD III | 1 |
| VIHAAN ANUP MEHTA | STD IV | 1 |
| VANSH ANUP MEHTA | STD IV | 2 |
| PARIKH DHEER NIRAV | STD VII | 1 |
| PARIKH NISH VIRAL | STD VIII | 1 |
| MODI DISHA HIMANSHU | STD X SSC | 1 |
| SHAH RIDDHI NIRAJ | STD X SSC | 2 |
| KADAKIA JIVIN JATIN | STD X (IGCSE ) | 1 |
| PARIKH TANMAYA AMIT | STD X (ICSE ) | 1 |
| MODI PARTH AMISH | STD X (ICSE ) | 2 |
| MODI NEHA BALKRISHNA | FYJC (COMMERCE ) | 1 |
| PARIKH KASHISH JIGNESH | FYJC (COMMERCE ) | 2 |
| PARIKH JASH TEJAS TEJAL | FYJC (COMMERCE ) | 1 |
| SHAH KRISH SANJAY | FYJC (SCIENCE ) | 1 |
| MODI ARYAN SHAISHAV | FYJC (ARTS ) | 1 |
| SHAH YASHVI SACHIN | HSC STD XII (COMMERCE) | 1 |
| DESAI TISHA MINISH | HSC STD XII (COMMERCE) | 2 |
| DOSHY DHRITI SOMESH | HSC STD XII (COMMERCE) | 3 |
| DHARIA NIRALI HITESH | HSC STD XII (COMMERCE) | 4 |
| SHETH VIJIT JASMINE | HSC STD XII (COMMERCE) | 1 |
| SHAH KRISH SANJAY | HSC STD XII (SCIENCE) | 1 |
| DOSHI DARSH BHAVIN | HSC STD XII (SCIENCE) | 2 |
| MODY YUKTI TUSHAR | B. COM (COMMERCE) | 1 |
| DESAI BHARGAV SANDEEP | BAF (COMMERCE) | 1 |
| KADAKIA JILL URMIL | M COM PART I SEMISTER II | 1 |
| SHAH DEVANSHI DHARMESH | CA FOUNDATION | 1 |
| PARIKH ISHAN SAMIR URVI | B.E. MECHENICAL ENGINEERING SEMISTER VI | 1 |
| MODY PREM DIGDESH | B.E. TECHNOLGY ( INFORMATION & TECHNOLGY ) SEMISTER VI | 1 |
| MODI NISHI AMISH ALPA | B.E. TECNOLOGY (INFORMATION & TECHNOLGY ) SEMISTER VIII | 1 |
| DESAI DHVANI HIMANSHU | BACHELOR OF PHARMACY SEMISTER VI | 1 |
| BHATT SHYAMAL DAXSHESH | BACHELOR OF SCIENCE ( COMPUTER SCIENCE ) SEMISTER IV | 1 |
| SHAH ROMIT SANJAY | MASTER IN COMPUTER SCIENCE | 1 |
| DESAI NUPUR HIMANSHU | MASTER IN COMPUTER SCIENCE | 1 |
| GANDHI SWENI VICKY | DIPLOMA IN CHILDHOOD CARE AND EDUCATION | 1 |
| SHETH SHREEYA JASMINE | BACHELOR OF DESIGAN | 1 |
| GANDHI PURAV VIRAL | POST GRADUATE PROGRAMME IN MANAGEMENT | 1 |

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANISED

## UPNAGAR VIBHAG

## SMT. MANIBEN MANILAL SHAH (JAT) PURASKRUT

## PARITOSHAIK VITARAN (HASTE RAJUBHAI SHAH)

## NURSARY, JR. KG, STD 1 TO 9

## ACADEMIC YEAR 2020-2021

| NAME | STD | RANK |
|---|---|---|
| PARIKH VIRTTI JITEN | JR. KG | I |
| KADAKIA HARDI NIRAJ | STD I | I |
| PARIKH SAMAR NISHIT | STD I | II |
| MODY VIYAAN DEEPESH | STD I | III |
| SHETH HARSH JIGNESH | STD II | I |
| KADAKIA DEVIT DEVANG | STD II | II |
| PARIKH SHRIYA JITEN | STD III | I |
| RELAN MANANSH DHARMENDRA | STD III | II |
| KADAKIA ANVI BHAVESH | STD III | III |
| DHARIA SHAURYA ANKUR | STD IV | I |
| PARIKH JENISH KEYUR | STD IV | II |
| BHAVSAR JAINIL VIJAY | STD V | I |
| PARIKH YAHAVI PARAG | STD V | II |
| KADAKIA REYANSH DIPEN | STD V | III |
| DHARIA HARSHIT OJAS | STD VI | I |
| SHAH RASHI MEHUL | STD VI | II |
| DHARIA DAIWIK SOMIL | STD VI | III |
| PARIKH DEV | STD VIII | I |
| KADAKIA VENISHA BHAVESH | STD VIII | II |
| SHAH VIDHI SACHIN | STD IX | I |

ઉપર્યુક્ત બે યોજનાઓના વિદ્યાર્થીઓના પારિતોષિકનું વિતરણ તારીખ ૧૦ ડીસેમ્બર થી ૨૦ ડીસેમ્બર ૨૦૨૧માં કરવામાં આવશે. વિતરણનું સ્થળ મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. સોમવાર થી શનિવાર દરમ્યાન બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦. રવિવારે બંધ રહેશે.


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

# આપણે માતા, પિતા અને વડીલોને શા માટે ચરણસ્પર્શ કરીએ છીએ ?

- **નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

હિંદુઓ પોતાનાં માતા-પિતા, વડીલો, ગુરુજનો અને સંત-સાધુઓને નમીને તેમને ચરણસ્પર્શ કરે છે, ત્યારે વડીલ આપણા માથે હાથ મૂકીને આશીર્વાદ આપે છે. આપણે જ્યારે વડીલોને મળીએ ત્યારે દરરોજ અને કોઈ નવ કાર્યના આરંભે, જન્મદિવસે, ઉત્સવ દિને એમ અનેક મહત્ત્વના પ્રસંગે તેમની ચરણવંદના કરીએ છીએ. કેટલાંક સામાજિક વર્તુળો- જૂથોમાં ચરણવંદના પછી અભિવાદન કરવામાં આવે છે અને પરસ્પરનો પારિવારિક પરિચય કરાવવામાં આવે છે.

**આપણે ચરણસ્પર્શ શા માટે કરીએ છીએ ?**

માણસ પોતાના પગ પર ઊભો રહે છે. દંડવત્ કરીને ચરણસ્પર્શ કરવા એ વડીલોની વય, પ્રૌઢત્વ, ખાનદાની, ચારિત્ર્ય અને દેવત્વનો આદર કરવાનું પ્રતીક છે. તેમણે આપણા માટે આપેલો ભોગ, લીધેલી કાળજી અને સ્વાર્થરહિત પ્રેમની ઓળખ આપણને છે, તેવું સૂચવે છે. અન્યની મહાનતાને નમ્રતાપૂર્વક સ્વીકારવાની એ રીત છે. આ રિવાજમાં મજબૂત કૌટુંબિક સંબંધોનું પ્રતિબિંબ પડે છે. આવા કૌટુંબિક સંબંધો એ ભારતીય સંસ્કૃતિની શાશ્વતશક્તિ છે.

હિંદુસ્તાનમાં વડીલોના આશીર્વાદ અને શુભસંકલ્પનું બહુ ઊંચું મૂલ્ય અંકાય છે. આપણે વડીલોના ચરણસ્પર્શ કરીને તેમના આશીર્વાદની કામના કરીએ છીએ. પ્રેમ, શીલ અને દિવ્યતાથી પરિપૂર્ણ એવા એમના અંતરમાંથી મળતા આશીર્વાદમાં પ્રબળ શક્તિ હોય છે. આપણે નમ્રપણે અને સન્માનપૂર્વક ચરણસ્પર્શ કરીએ છીએ ત્યારે વડીલોની સુભાશિષનું આવાહન કરીએ છીએ અને આવા શુભાશિષ એક કલ્યાણકારી શક્તિ સ્વરૂપે આપણી રક્ષા કરે છે. તેથી પ્રણામ કરતી વખતે ઊભેલી કે ઝૂકેલી સ્થિતિમાં સ્થિર રહીએ ત્યારે આપણું સમગ્ર શરીર આશીર્વાદ દ્વારા વહેતી કલ્યાણકારી શક્તિને ગ્રહણ કરી શકે છે.

**સન્માન દર્શાવવાની વિવિધ પદ્ધિતિઓ :**

**પ્રત્યુત્થાન :** આગંતુકને આવકારવા ઊભા થવું.

**નમસ્કાર :** બે હાથ જોડીને નમસ્તે કરીને સન્માન કરવું.


**ઉપસંગ્રહણ :** વડીલો કે ગુરુજનોના ચરણસ્પર્શ કરવા.

સાષ્ટાંગ : પગની પાની, ઘૂંટણ, છાતી, માથું અને હાથ એમ સમગ્ર શરીર વડીલના પગ પાસે દંડવત્ સ્થિતિમાં જમીન પર મૂકીને પ્રણામ કરવા.

**સાષ્ટાંગ :** પગની પાની, ઘૂંટણ, છાતી, માથું અને હાથ એમ સમગ્ર શરીર વડીલના પગ પાસે દંડવત્ સ્થિતિમાં જમીન પર મૂકીને પ્રણામ કરવા.

**પ્રત્યભિવાદન :** સ્વાગત અભિવાદનનો પ્રતિભાવ આપવો.

કોણે કોની ચરણવંદના કરવી એ બાબતે આપણાં શાસ્ત્રોમાં નિયમો છે. સંપત્તિ, ગોત્ર, વય, નૈતિક શક્તિ અને આધ્યાત્મિક જ્ઞાન - આ બાબતો યથાક્રમે, સન્માન પામવાની લાયકાત દર્શાવે છે. આ જ કારણથી દેશનો શાસક હોવા છતાં, રાજા આધ્યાત્મિક ગુરુની ચરણવંદના કરે છે. રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોમાં આ બાબતનાં ઘણાં પ્રમાણ મળી રહે છે.



આ પરંપરાથી લોકોમાં પરસ્પર પ્રેમ અને આદરનું વાતાવરણ સર્જાય છે. કુટુંબ તથા સમાજમાં સંપ અને સુમેળ જળવાઈ રહે છે.

PPP


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rath Wolf
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

# સકારાત્મકતાનો પ્રસાર...

- રાજેશ કડકીઆ

સૂર્યનાં કિરણો વિશ્વનાં દરેક ખૂણે પહોંચે છે એ જ રીતે આજે કરુણાનો પ્રકાશ સર્વત્ર ફેલાવવાની જરૂર છે. વિકટ પરિસ્થિતિમાંથી પસાર થયા બાદ હવે સારા કર્મો કરવાની આપણા સહુની ફરજ છે. આમ કરવાનું ત્યારે જ શક્ય બનશે, જ્યારે આપણે સહુ ઈશ્વરમાં અપાર શ્રધ્ધા રાખીશું. મને શ્રી કૃષ્ણ ભગવાન એ મારા આ લખાણ દ્વારા સકારાત્મકતા ફેલાવવા ખૂબ જ યોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

આપણે સહુ આપણા રોજબરોજનાં અનુભવો પરથી કશુંક નવું શીખીએ છીએ. ખુદ ભગવાને પણ અવતાર ધારણ કરીને મનુષ્ય તરીકે જીવવાનો અનુભવ લીધો છે. કૃષ્ણ અને રામનાં જીવન પરથી આપણને સહુને આજ વાત શીખવા મળે છે.

સામાન્ય માણસ જો ફક્ત એક દિવસ માટે અંધ, અપંગ કે બધિર બની જાય તો જ એને સમજાય કે પંગુ વ્યક્તિઓ કઈ રીતે તેમનું જીવન જીવે છે. કોરાના કાળનાં કપરા વખતમાં દરેક વ્યક્તિએ આફતમાંથી પસાર થવું પડયું છે, પરંતુ અપંગ વ્યક્તિઓનો વિચાર કરીએ તો સમજાય કે એમના મુકાબલે આપણા સહુનાં જીવનમાં કેટલી સારી સરસ પરિસ્થિતિ છે.

આના ઉપરથી એટલું તો જરૂરથી કહી શકાય કે આપણી વિચારશૈલી બદલવાની ખાસ જરૂરત છે. પોતાનાં વિચારો બદલીને આપણે નિયતિ બદલી શકીએ છીએ. જો આપણે કરૂણાનું મહત્ત્વ સમજી શકીશું તો જ વિશ્વમાં પરિવર્તન લાવી શકીશું. શ્રવણમંદ બાળકો પ્રત્યે કરુણાસભર વર્તાવ દ્વારા આપણું ખુદનું જીવન પણ બદલાય છે. આજ રીતે કરુણાભાવ દ્વારા દરેક મનુષ્ય ખુદનાં જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

આ પૃથ્વી પર આશરે ૮ અબજ લોકો વસવાટ કરે છે. એમાંથી લગભગ ૭ ટકા લોકો શ્રવણમંદ છે. બીજી બધી પંગુતા મળીને અપંગ વસ્તીનું પ્રમાણ લગભગ ૧૦ ટકા છે. આથી લગભગ ૯૦ ટકા લોકો સામાન્ય છે. આથી આ ૯૦ ટકા લોકોએ શેષ ૧૦ ટકા પ્રત્યે કરૂણા - સદ્ભાવ રાખે તો આ સમસ્ત વિશ્વ કેટલું સુંદર બની શકે.

આપણે સહુ જીવનમાં સંઘર્ષોનો સામનો કરીને બળવાન બનીએ છીએ. કપરા કટોકટી કાળમાં હિંમત હારવાને બદલે, નાસીપાસ થવાના બદલે પોતાની આંતરિક શક્તિઓ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અલગ-અલગ પ્રકારની પંગુતા ધરાવતી વ્યક્તિઓનાં જીવન પરથી આજ શીખ લેવાની છે.

આજકાલનાં યુવાનો ભગવાનનાં અસ્તિત્વ વિશે વડિલોને પૂછતા હોય છે. ઈશ્વરનાં અસ્તિત્વ વિશેની સચ્ચાઈ જાણ્યા પછી પણ તેઓ ઈશ્વરમાં શ્રધ્ધા રાખી શકતાં નથી. એકવાર એક સંતે મંદિરમાં હાજર વ્યક્તિઓને હાથમાં પાણી ભરેલો ગ્લાસ આપીને મંદિર ફરતે પ્રદક્ષિણા કરવા કહ્યું. શરત માત્ર એટલી જ હતી કે પાણીનું એકપણ ટીપું જમીન પર ઢોળાનું ન જોઈએ. પરિક્રમા પૂર્ણ થયા બાદ સંતે તેઓને પૂછયું શું તમે આજુબાજુમાં કોઈ મનુષ્યને તકલીફમાં જોયો. તમારા માર્ગમાં કેટલા લોકોને તમારી મદદની જરૂર હતી? લોકોએ જવાબ આપ્યો કે તેઓ એ આજુબાજ કયાંય જોયું જ ન હતું કારણ સમગ્ર પરિક્રમા દરમ્યાન તેઓનું ધ્યાન ફક્ત ભરેલા ગ્લાસ તરફ જ કેન્દ્રિત થયેલ છે.

આ ઉમદા ઉદાહરણથી એક બોધ - શીખ તો આપણે સહુ લઈ જ શકીએ કે આપણે સહુએ સર્વ પ્રથમ આપણું ધ્યાન ઈશ્વર પ્રત્યે કેન્દ્રિત કરવાની તાતી જરૂર છે. દરેકે ખુદનાં મનમાં ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા અને અન્ય વ્યક્તિઓ પ્રત્યે કરુણાનો ભાવ કેળવવો રહ્યો. મનમાં ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા અને અન્યો માટે કરુણાના ભાવ હશે તો જીવન ઘણું સરળ બની જશે.

આ લેખનું સમાપન કરતાં એક વાત જરૂર કહીશ કે આજનો માનવી ખુદનાં ઉત્કર્ષ માટે અન્યોનું બુરું કરતાં જરાય ખચકાતો નથી. તેને બસ બધાની હરિફાઈમાં આગળ નીકળીને ટોચે પહોંચવું છે. દિલમાં જરાય પણ દયાભાવ, પ્રેમભાવ, કરુણા કશુંય વિચારવાનો સમય જ નથી જાણે ફક્ત પોતાનો જ વિચાર. PPP


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

# નમામિ દેવી નર્મદે !

- તંત્રી મંડળ તરફથી

જગતની તમામ સંસ્કૃતિઓનો ઉદય અને વિકાસ વિશાળ સરિતાઓ, બૃહત કાય સરોવરો કે ખૂબ મોટાં જળાશયોની આસપાસ થવાનું નોંધાયું છે.

શરીર ગ્રહણ કરનાર જીવનમાત્રને ટકાવી રાખે અથવા તેમને રક્ષણ-પોષણરૂપ બને એવી બાબતો ગણાવવી હોય તો સૌ પ્રથમ જળને અને પછી અન્નને યાદ કરવું પડે. વસ્ત્ર અને નિવાસ માટેના સ્થળને આવશ્યકાતાઓમાં ગણવામાં આવે. છતાં આ બાબતો જળ અને અન્નની તુલનામાં ગૌણ બની જાય. અન્ન પણ જળ વિના ઉત્પન્ન થઈ શકે નહિ. એ રીતે જળ એ જ જીવન છે એમ કોઈ કહે તો તેમાં ઘણું ઔચિત્ય છે.



જલ શબ્દની ઉત્પત્તિની વાત કરતાં ઉચિત રીતે જ કહેવાયું છે કે જેમાંથી બધું જન્મે છે અને જેમાં બધું લય પામે છે તે જલ છે. એ રીતે જળનો મહિમા અવર્ણનીય છે. નર્મદા મૈયાની વાત કરીએ ત્યારે વિપુલ જલરાશિનો જ મહિમા કરીએ છીએ. નર્મદા જીવનદાત્રી સરિતા છે, માતૃરૂપા છે. ધર્મવત્સલ માતા નર્મદાને મહાન પુણ્યશાળી અને વિશિષ્ટ નદી કહી છે કારણ કે આ સરિતાનો યુગાન્તે નાશ થવાનો નથી.

કહે છે કે ગંગા કનખલ વિસ્તારમાં પવિત્ર છે, સરસ્વતી કુરુક્ષેત્રમાં પવિત્ર છે, પણ નર્મદા ગામમાં તેમ જ અરણ્યમાં સર્વત્ર પવિત્ર છે. સરસ્વતીનું નીર માણસને ત્રણ દિવસમાં પવિત્ર કરે છે. યમુનાનું જળ સાત દિવસમાં, ગંગાજળ તરત પાવન બનાવે છે, પણ નર્મદા તો દર્શનમાત્રથી પાવન કરે છે. એવું મનાય છે કે નર્મદા તટ પર શિવનું અર્ચન કરનાર પાપયોનિમાં જન્મ્યો હોય તો પણ મુક્ત થાય છે. નર્મદાજળથી પવિત્ર બનેલી ભસ્મનો લેપ કરનાર મનુષ્ય પાપથી બચી જાય છે.

પિનાક ધનુષ્ય ધારણ કરનાર ભગવાન શિવે આ સરિતાનું નામ પાડતાં કહ્યું : હે સુંદર સાથળોવાળી, તેં જુદી જુદી ચેષ્ટાઓ વડે અમને નર્મ (આનંદ) આપ્યો, તેથી તારું નામ નર્મદા રહેશે. પછીના દેવોના ઈશ, સર્વ ભૂતોના પતિ, પ્રભુએ તે શીલવતી ખૂબ સુંદર કન્યા નર્મદાને મહાસાગરને સોંપી. ત્રણ લોકને ફળ આપનારી આવી સમર્થ સરિતા ભાગ્યે જ હશે. નર્મદાના કાંઠા પર રહેનાર લોકો તૃષા, ભય અને દ્વન્દમાંથી મુક્ત થઈ જાય છે.

ભગવતી નર્મદા વિશે મહર્ષિ વેદવ્યાસ પ્રણિત 'સ્કંદ મહાપુરાણ' ત્રણ ભાગમાં પ્રગટ થયું છે. તેમાં રેવાખંડ, નાગરખંડ અને પ્રભાસ ખંડની વિગતો છે. રેવા એટલે જ નર્મદા. ગ્રંથમાં એકલા રેવાખંડમાં જ બસોબત્રીસ અધ્યાય છે. તેના બારમાં અધ્યાયમાં નર્મદાસ્તોત્ર આપ્યું છે.

હે પુણ્ય જળવાળી, મગરની ગતિવાળી, પાપોથી મુક્ત કરનારી સુંદર મુખવાળી દેવી, તમને નમસ્કાર હો. હે પુણ્ય જલોના આશ્રય, શુભ, વિશુધ્ધ સત્ત્વવાળી, દેવો-સિધ્ધો વડે સેવાયેલી, તીર્થોના સમૂહોથી સેવાયેલી રુદ્રના અંગમાંથી ઉત્પન્ન થયેલી તમને નમસ્કાર હો. સમુદ્રને જઈને મળનારી, વરદાન આપનારી, કલ્યાણકારિણી, બંને લોકોનાં સુખ આપનારી, અનેક ભૂતોના સંગ વડે આશ્રય કરાયેલી, પાપરહિત દેવી, તમને નમસ્કાર હો પાપને હરનારી, વિચિત્ર, ગંધર્વો, યક્ષો, સર્પો વડે સેવાયેલી, સનાતન પ્રાણીઓના સમૂહ

Mr. BHARAT K. DOSHI
98210 27136

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique — CONZERV Smart Energy Management — MEHER — LEIPOLD — CLIPSAL — DIGILINK — APC by Schneider Electric — LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

પર અનુકંપા કરનારી, મોક્ષ આપનારી, શ્રેષ્ઠ નદી, તમને નમસ્કાર હો. મહાન હાથીઓ-પાડા-વરાહ વડે સેવાયેલી, મહાન તંરગોની માલાથી યુક્ત, સુખ આપનાર, વરદાન આપનાર, દેવી અમે બધા તમને પ્રણામ કરીએ છીએ. અમને પશુપાશના બંધનમાંથી મુક્ત કરો. અનેક અશુભ પાપોથી વિંધાયેલા માણસો જ્યાં સુધી મહાન વાયુથી ઊછળતાં મોજાંવાળા જળનો સ્પર્શ કરતા નથી ત્યાં સુધી જ નરકોમાં ભ્રમણ કરે છે. હે કમળ સમાન મુખવાળી, અનેક દુઃખ-સમૂહોના ભયથી પીડાયેલા, અંતઃકરણમાં પેસી ગયેલા અનેક પાપોવાળા, અનેક દ્વન્દથી આવરણ પામેલા લોકોની તું જ ગતિ છે. હે દેવી, નદીઓ તને પ્રાપ્ત કરીને ચોક્કસ પવિત્ર તથા નિર્મલ બને છે. દુઃખી લોકોને તું અભય આપે છે. અનેક શિષ્ટજનો વડે તું પૂજાયેલી છે. તારા પર સૂર્ય-ચંદ્રનાં કિરણોનો સ્પર્શ થતાં માણસને પરમ પદ મળે છે. તારા પુણ્યજળથી ભીંજાયેલા પથ્થરો પણ શિવ બની જાય છે તેમાં શું આશ્ચર્ય છે? જ્યાં સુધી દુઃખી, પાપયુક્ત દેહવાળા, મનુષ્યો તારા મહાન વાયુથી ઉછળતા મોજાંથી યુક્ત જળનો આશ્રય કરતા નથી ત્યાં સુધી જ તેઓ નકરમાં ભ્રમણ કરે છે. હે દેવી! તારાં પવિત્ર જળનું પાન કરીને મલ્લેછો, પુલિદો (ચાંડાલો), રાક્ષસો, પિશાચો પણ ઘોર ભયથી મુક્ત બને છે, તેમાં શું આશ્ચર્ય છે? આ દૂષિત કલિયુગના ઘોર યુગમાં પ્રલય સમયે સરોવરો, નદીઓ નાશ પામે છે. હે દેવી! આકાશમાં ગંગાની પેઠે તું એકલી જલસમૂહથી પૂર્ણ પ્રકાશે છે! હે વરદાન આપનારી શ્રેષ્ઠ દેવી તારી કૃપાથી અમે અમારો સમય પૂરો કરીએ ત્યારે રુદ્ર પાસે જઈએ એવું કર. તું અમારી ગતિ છે. માતા છે. પિતા જેમ પુત્રોને પામે છે તેમ તું આ યુગના અંત સુધી અમારું રક્ષણ કર જેથી તારી કૃપા વડે અમે આ અનાવૃષ્ટિથી પીડાયેલા ઘોર સમયને તરી જઈએ!

PPP

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
98193 48001 / 70210 44631

**Nihar Kadakia**
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

# LYFE MEDICO

CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**


સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,**
**એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

# શોખની દુનિયાની સફર

- ડૉ.રજત પૂનમચંદ મોદી (ભડકી)

દુનિયામાં ઘણા લોકોને નાનપણથી વસ્તુની કિંમત સમજ્યા વિના ચીજો સંગ્રહનો શોખ હોય છે. બાળકો પોતાના આનંદ માટે આવી વસ્તુઓ પોતા પાસે રાખીને ખુશ થાય છે પણ ભવિષ્યમાં એ વસ્તુઓ રાખી શકતા નથી અને સમય જતાં ખોવાઈ જાય છે. બહુ જ થોડા લોકો ભવિષ્યમાં પોતાનો શોખ જીવંત રાખે છે અને ઘણી બધી વસ્તુઓનો સંગ્રહ કરે છે. બચપનમાં શોખ ખાતર ભેગી કરેલી વસ્તુઓ જેવી કે બસ અને ટ્રામની ટીકીટો, માચીસના અને સિગારેટના ખોખાઓ, લખોટીઓ અને પુરાના સિક્કાઓ ભેગા કરતા હોય છે.




આજે હું મારા શોખ વિશે વાત કરીશ જે મારી આ ૭૫ વર્ષની ઉંમરે પણ જળવાઈ રહ્યો છે. જવાનીમાં શરૂ થયેલ ડાક ટીકીટ ભેગી કરવાનો શોખ વધતા-વધતા આજે એક નવા શોખ સાથે વધી રહ્યો છે. આજે મારો મુખ્ય શોખ સિક્કાઓ અને ચલનમાં રહેલી નોટોનો સંગ્રહ કરવાનો છે. આજે મારી પાસે વિશ્વના લગભગ ૨૫૦૦ સિક્કા અને ભારતના ૬૦૦૦ થી પણ વધારે સિક્કાઓનો સંગ્રહ છે. આ લેખમાં હું તમને ચલનમાં રહેલા જૂના અને નવા સિક્કાઓના વિશે જણાવીશ.


જૂના જમાનામાં માણસ પોતાની જોઈતી વસ્તુઓ અદલ-બદલ કરીને લાવતો હતો. (Barter System) સમય જતાં ધાતુના ટુકડાઓ સિક્કામાં પરિવર્તન થયા અને આજના મશીનમાં બનતા સિક્કા આવ્યા. આ સિક્કાઓ રોજ બરોજની નાની વસ્તુઓની ખરીદી માટે વપરાવવા લાગ્યા. સમય જતાં દુર્લભ જૂના અને નવા સિક્કાઓ સંગ્રહ કરનારા આવ્યા અને એની કિંમત વધવા લાગી.

સિક્કા બનાવવામાં વપરાતી વસ્તુઓ જેવી કે ચામડું અને ધાતુઓ, પ્લેટિનમ, સોનું, ચાંદી, તાંબુ, એલ્યુમિનિયમ, પિત્તલ, બ્રાસ, સ્ટીલ અને લોખંડના સિક્કાઓ જોવા મળે છે. યુદ્ધના સમયમાં ધાતુ બચાવવા માટે ઝીંકના સિક્કાઓ બહાર પડેલા.

સિક્કાનો આકાર-ત્રિકોણ, ચોરસ, ડાયમંડ આકાર, પંચકોણ, ષટકોણ અને સાત ખૂણાથી માંડીને બાર બાજુવાળા સિક્કા જોવા મળે છે.

રંગની સિક્કા-મોટા ભાગના સિક્કા ઉપર રંગીન ચિત્રકામ હોતું નથી પરંતુ કેટલાક દેશોમાં સિક્કા ઉપર રંગીની ચિત્રકામ જોવા મળે છે. દાખલા તરીકે કેનેડાના સિક્કાઓ અને ન્યૂઝીલેન્ડમાં સિક્કાઓ, ઘણાં દેશો સંગ્રહ માટે રંગીન અને જુદા-જુદા આકારના સિક્કાઓ બહાર પાડે છે.

સિક્કાઓનો સંગ્રહ કરનાર એનો અભ્યાસ કરીને જે તે દેશનો ઈતિહાસ, ભૂગોળ અને રાજ્યની સંપત્તિનું જ્ઞાન મેળવે છે. સિક્કા ઉપરના ચિત્ર પરથી તે દેશના પશુ-પક્ષીઓ તથા વનસ્પતિનું પણ જ્ઞાન જોવા મળે છે. ઘણી વખત સિક્કા ઉપર તે દેશમાં થયેલી ઘટનાઓ અને મહાન વ્યક્તિઓના ફોટા પણ જોવા મળે છે.



મોગલ સમયના સિક્કાઓ જ્યારથી ભારતમાં મુસ્લિમ શાસકોએ રાજ કરવાનું શરૂ કર્યું ત્યારથી જ મોટું પરિવર્તન સિક્કાની છપાઈમાં આવ્યું. રાજાઓના સમયમાં સિક્કા ઉપર પ્રતીક ચિત્ર હતાં. પરંતુ મુસ્લિમ શાસકો દ્વારા ખાલી લખાણવાળા સિક્કા બહાર પાડવામાં આવેલા. અપવાદરૂપે અકબરના પશુ પક્ષીના ચિત્રવાળા અને જહાંગીરના સમયમાં બનેલા (Zodiac Sign) રાશિ ચિન્હવાળા સિક્કાઓ. એ સમયના કલમાં લખેલા સોના અને ચાંદીના સિક્કા હતાં. જે ગોળ અથવા ચોરસ આકારના હતાં. કલમાં એ ઈસ્લામ ધર્મનો પવિત્ર મંત્ર છે. 'લા ઈલાહા ઈલ્લિલાહ મુહમ્દુર રસૂલ અલ્લાહ' મોગલો પછી ભારત પર અંગ્રેજોએ રાજ્ય કર્યું.

અંગ્રેજોના સમયમાં ભારતમાં બે જાતના સિક્કાઓ પ્રચલિત હતાં. પહેલી જાતના સિક્કા ભારતના રજવાડાઓના હતાં. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સિક્કા ૧૮૫૭ વિપ્લવ સુધી હતાં અને પછી ઈંગ્લેંડની ગાદી પર આવેલ રાજા-રાણીઓના ચિત્રવાળા હતાં. એ સમયમાં પાઈ, અડધો પૈસો, એક પૈસો, બે પૈસો, એક આનો, બે આના, ચારઆના, આઠઆના, એક રૂપિયો અને સોનામહોર ચલનમાં હતી. અંગ્રેજ સમયના સિક્કાઓમાં કવીન વિકટોરીયા એમ્પ્રેસ, વિકટોરીયાએડવર્ડ ૭, કિંગ જ્યોર્જ-૫ અને કિંગ જ્યોર્જ-૬ ના ચિત્ર જોવા મળે છે.

- ૧૯૪૭ થી ૧૯૫૦ સુધી કિંગ જ્યોર્જ-૬ ના ચિત્ર વાલા સિક્કા હતાં.
- ૧૯૫૦ થી સ્વતંત્ર ભારતના સિક્કાઓ છપાવા લાગ્યાં.

**સ્વતંત્ર ભારતના સિક્કાઓ બે પ્રકારના હતાં.**

૧. લોકોના વપરાશ માટેના ચલણી સિક્કા
૨. સંગ્રહકો માટેના સ્મારક સિક્કાઓ

૧. ચલણી સિક્કા અત્યાર સુધીમાંછ જુદા જુદા પ્રકારના છાપાવામાં આવ્યા છે.

- **૧૯૪૭-૧૯૫૦**: રૂપિયા-આના-પૈસા, કિંગ જ્યોર્જ-૬ ના ચિત્રવાળા
- **૧૯૫૦-૧૯૫૭** :રૂપિયા-આના-પૈસા-અશોક સ્તંભ સાથે
- **૧૯૫૭-૧૯૬૪** :દશાંશ પદ્ધતિ આવી, એક નવા પૈસાથી ૫૦ નવા પૈસા અને એક રૂપિયાનો સિક્કો
- **૧૯૬૪-૨૦૧૧** :એક પૈસાથી માંડીને સો પૈસા - એક રૂપિયા સુધીના સિક્કાઓ, પૈસા ૧-૨-૩-૫-૧૦-૨૦-૨૫-૫૦ સુધીના સિક્કાઓ
- **૨૦૧૧-૨૦૧૯**: રૂપિયાની સંજ્ઞાવાળા સિક્કા (૨)
- **૨૦૧૯ થી અત્યાર સુધી** : આઠ આના, ૧-૨-૫-૧૦-૨૦ રૂપિયાના સિક્કાઓ જેની ઉપર ઘઉંના છોડનું ચિત્ર છે.

બીજી જાતની સિક્કા ભારતના રજવાડાઓએ પોતાના પ્રદેશમાં ચાલે એ રીતના બહાર પાડેલા, જેવા કે ગ્વાલિયર, બરોડા, રતલામ, અવધ, ઈંદોર વગેરે.

સંગ્રહ કરવા માટેના સિક્કાઓ. આ પ્રકારના સિક્કાઓ ઊંચી કિંમતના અને ચાંદીની મિશ્ર ધાતુમાંથી બનાવવામાં આવે છે. તે ૧૦ રૂપિયાથી માંડીને ૧૦૦૦ રૂપિયા સુધીના હોય છે. સૌ પ્રથમ ૧૯૬૪માં

જવાહરલાલ નહેરૂના સિક્કા બહાર પાડવામાં આવેલા.

૧૯૬૯માં ગાંધીજીની જન્મ શતાબ્દીના સિક્કા બહાર પાડેલા, જેમાં ચાંદીના દસ રૂપિયાના સિક્કા ચલનમાં હતાં.

મારી પાસેનો સંગ્રહ : મોગલોના ચાંદીના કલમા લખેલા સિક્કાઓ, અંગ્રેજોના સમયના બધા જ સિક્કાઓ, થોડાક દેશી રજવાડાઓના સિક્કાઓ, સ્વતંત્ર ભારતના દરેક વરસના દરેક સિક્કાઓ ૨૦૨૦ સુધીના.

સંગ્રહ માટેના ચાંદીના અત્યાર સુધીના ઘણા સિક્કાઓ છે.

બહુજ દુર્લભ એવા સિક્કા ભેગા કરવાનો મારો ખાસ શોખ. લગભગ દુનિયાના ૧૩૦ દિશોના સિક્કા અને નોટો મારી પાસે છે. જેના પર (Coat of Arms or Emblem) જોવા મળે છે. લગભગ ૧૮ મી સદીમાં યુરોપમાં એનો જન્મ થયો હતો અને લોકોની ઓળખ માટે વાપરવામાં આવતાં હતાં. આજના જમાનામાં આ વસ્તુ રાજ્ય પોતાની ઓળખ માટે વાપરે છે. દાખલા તરીકે ભારતનું રાષ્ટ્રીય ચિન્હ અશોક સ્તંભ છે. આ ચિન્હ સરકારની દરેક વસ્તુ ઉપર જોવા મળે છે. પહેલાના જમાનામાં આનું પહેરવાના કોટ ઉપર ભરતકામ કરવામાં આવતું હતું એટલે જે તે કોટ ઓફ આર્મ કહેવામાં આવે છે.

આપણા વાડાસિનોરના નવાબનો કોટ ઓફ આર્મ્સ બધાએ નવાબના મહેલના દરવાજા પર જરૂરથી જોયો હશે, એના ઉપર નીચે ‘લીધા પાસેથી પાછું લીધું’ નું લખાણ છે. એ સમજાવે છે કે ભીલો પાસેથી નવાબે રાજ્ય પાછું મેળવ્યું હતું.

ટૂંકમાં મેં મારી પાસે સંગ્રહ કરેલા સિક્કાઓનો ટૂંકમાં પરિચય આપ્યો છે.

P P

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

· A complete dental consultation with digital x-ray.
· Complete prophylaxis (clean up) and gum care.
· Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
· Smile designing and esthetics.
· Complete prophylaxis for children.
· Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# 'સમય' એક વાસ્તવિક વિચાર

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

**સમયને આપણે શું માનીએ છીએ ? સ્થિર કે ગતિશીલ ?**

મને યાદ છે હું શાળાનાં કદાચ છઠ્ઠા વર્ગમાં ભણતી હતી. એ સમયે અંગ્રેજી ભાષા એ દેશની શાળાઓમાં એક વિષય તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. એ સમયની અંગ્રેજી ભાષાનાં આદરણીય ગણાતા કવિ શ્રી વિલિયમ વડ્ર્સવર્થની એક કવિતા મને ખૂબ સ્પર્શીગઈ ગતી. અને આજે પણ એટલી જ સ્પર્શેલી છે. એ કવિતાને વાગોળવાનું મન છે.

કવિતા હતી :

We say the time passes !
But Alas ! I Say ;
The Time Stays : We Pass!

**અર્થાત :** તેઓ લખે છે કે : આપણે હંમેશા કહેતા હોઈએ છીએ ; કે સમય ક્યાં પસાર થઈ જાય છે ખબર જ નથી પડતી. પરંતુ 'સમય' ને સમજાવતો એક વાસ્તવિક વિચાર એમણે જે આપણને આપ્યો છે એ દ્રષ્ટિથી તો આપણે ક્યારેય વિચાર્યું નથી. તેઓ લખે છે કે 'ટાઈમ એટલે કે સમય' ક્યાંય જતો નથી. સમય તો જ્યાં છે ત્યાં સ્થાયી જ છે પરંતુ આપણે પાસ થઈ જઈએ છીએ એટલે કે આપણે સૃષ્ટિમાંથી જતા રહીએ છીએ; અર્થાત મૃત્યુ પામીએ છીએ. આ એક મહત્ત્વનો વૈજ્ઞાનિક નિયમ છે !

મહાભારત ના યુદ્ધ વખતે 'સમય' માટેનો ખૂબ જ સમજવા જેવો 'સમય' નો પોતાના 'સ્વ' સાથેનો નેપથ્યમાં એક ઉદ્ગાર છે : 'સમય ખૂદ વિચારે છે કે : હું જો સમય ન હોત તો ક્યારનો આ જમીન પર પડેલી લાશોના ઢગલાથી ક્યાંય દૂર ચાલ્યો ગયો હોત. પરંતુ હું 'સમય' છું અને 'સમય' હોવાને નાતે આ ધર્મક્ષેત્ર-કુરૂક્ષેત્ર ના ભયાનક દ્રશ્યોની સાક્ષી બનવા મજબૂર છું.'

ઘણી વખત આપણી જીંદગીમાં પણ આપણને લાગે છે કે 'કાશ' આવો સમય ન આવ્યો હોત. પરંતુ 'સમય' તો સ્થાયી છે. 'સમય' ગતિશીલ નથી. પ્રત્યેક જીવંત જીવનાં જીવન સાથે વણાયેલી ઘટનાઓ હોય છે અને જાણે-અજાણે આપણે એને 'સમય' સાથે વણી લઈએ છીએ. પરંતુ સમય કંઈ કરતો નથી. સમય તો સ્થાયી છે. જે ઘટે છે કે પ્રસંગો આકાર પામતા હોય છે એ સૃષ્ટિમાં કે આપણા જીવનમાં ઘટતી ઘટનાઓ હોય છે. સવાલ અહીં એ છે કે : એક ટેપ-રેકોર્ડર મૌનને રેકોર્ડ કરી શકે ? આપણે તત્કાળવો જવાબ 'ના' જ હોય, પરંતુ વિચારતા સમજાય કે ટેક રેકોર્ડરે આપણું મૌન ટેપ કર્યું. અવાજ નિકળ્યો હોત તો એ અવાજ રેકોર્ડ થાત. પણ મૌન હતું તો એ ટેપ થયું અર્થાત જે હતું તે થયું. એનો અર્થ કદાપી એ ન કહેવાય કે ટેપ રેકોર્ડર બગડેલું છે. સમયનું પણ આવું જ છે. ઘટનાઓ કંઈ સમયના પ્રયાસથી નથી ઘટતી. એ ઘટનાઓ તો બનવાની નસીબ સાથે જોડાયેલી જ હતી. તેથી કહીએ કે 'મારો સમય સારો હતો કે ખરાબ હતો' એ વ્યાખ્યા હકીકત નથી પરંતુ રોજીંદી જીંદગીમાં ભાષા સાથે આ વ્યાખ્યા જાણે અજાણે વણાઈ ગઈ છે. આપણે એક વ્યવસ્થિત જીંદગી જીવવા ટેવાયેલા છીએ. તેથી વૈજ્ઞાનિકો એ ઘટનાઓની ગણાત્રી ને વ્યવસ્થિત રીતે યાદ રાખવા કેલેન્ડર ને માધ્યમ બનાવ્યું. આપણે ઉંમરની ગણાત્રી રાખીએ. પ્રસંગો, સંજોગો, લગ્ન-તિથી વગેરેની ગણાત્રી રાખી પણ આ તો ફક્ત ગણાત્રીમાં ઉમેરો છે. આપણી શારિરીક અવસ્થાની વૃધ્ધિ છે ! ગણાત્રીની ભાષા તો મનુષ્યએ પોતાની સગવડ માટે કેલેન્ડરની રચના રૂપે કરી. ગણાત્રી ને સર્વોત્તમ મહત્ત્વતા આપી! અને આ ગણાત્રી માટે કેલેન્ડરની માનવજાતને આવશ્યક્તા પણ હતી. આ ગણાત્રીઓનાં માધ્યમ દ્વારા જ માનવજાત ઉત્સાહ-ઉમંગથી જીવી શક્યો છે અને શોક પણ મનાવી શક્યો છે. સુખ-દુઃખની અવસ્થાઓમાં પોતાની જાતને મનાવી શક્યો છે : જાતને સમજાવી શકે છે કે : આ અવસ્થા કાયમી નથી. સારો સમય આવશે. આનંદની ઘટનાઓ

આકાર પામશે જ. ખુશીની મનોસ્થિતિ આકાર લેશે જ એ વિશ્વાસ સાથે જીવંત રહી શકે છે, પરંતુ સમય કંઈ જ કરતો નથી એ સમજણ મહત્ત્વની છે.

તત્વજ્ઞાનનો એક મહત્વનો પ્રશ્ન છે : શા માટે આ આનંદની લહેરખી ફક્ત અમુક દિવસો એ જ કેમ? આનંદની લહેરખી તો એક મનો-ભાવ છે જે આપણા કન્ટ્રોલમાં છે. આપણું મનોબળ દ્રઢ હોય તો આપણે પ્રત્યેક ક્ષણને આનંદિત રાખી જીવી શકીએ. મનને મજબૂતીથી કાબુમાં રાખી શકીએ. જીવન : એ તો એક અત્યંત મહાન ઘટના છે. એમાં સમય અને અવકાશ વચ્ચેની આંતર ક્રિયાઓ સતત ચાલતી જ રહે છે. જીવન કદી ઘટના શૂન્ય હોઈ શકે ખરું? જીવન એટલે ઘટનાઓની અવિરામ ગતિ. ગતિ વગરની ઘટના ન હોઈ શકે. સમય સપાટ નથી હોતો અને અવકાશ થીજી નથી જતો. તેથી ઘટનાઓની ગતિ નિરંતર જળવાઈ રહે છે. જીવન એટલે ઘટના પ્રવાહ. ઘટના શૂન્ય ક્ષણ એટલે કે : 'અનંત' - કલાતીતા પરિબળ (Timeless Moment) આપણા જેવા સામાન્ય માણસ માટે વિજ્ઞાનની આ પરિભાષા કેવળ એક કલ્પના માત્ર જ રહી જાય. પરંતુ આ ગૂઢ વૈજ્ઞાનિક સિધ્ધાંત છે જે આપણી સમજણની બહાર છે. એક પરપોટો સર્જાય છે અને ફૂટી જાય છે. આ પણ એક ઘટના જ છે જેમાં પણ ક્ષણની ગણત્રીનું વિજ્ઞાન છે. સામાન્ય રીતે ઘરમાં બનતા અનેક બનાવોને ઘટના તરંગો તરીકે જોવાની આપણને ટેવ નથી. દા.ત. એક મિત્ર મળવા આવે તો એને પરપોટા-ઘટના તરીકે નિહાળવાની આપણને ટેવ નથી. આપણે તો જાણે એ ઘટનાને વળગી પડીએ છીએ અને સુખી કે દુઃખી થઈએ છીએ. કેટલીક ઘટનાઓ આપણને સુખદ જણાય છે જેમ કે તહેવારોની ઉજવણી, પ્રસંગોની ઉજવણી, પ્રવાસની સુખદ યાદગીરી વિગેર. આ સુખદ માનસિક અવસ્થા છે અને નહીં ગમતા અવસરો દુઃખદ અવસ્થામાં પરિણમે છે અને આ સ્વાભાવિક છે. કારણ કે આપણે તત્વજ્ઞાનનાં અભ્યાસુ નથી. સુખની માનસિક અવસ્થા અને દુઃખની માનસિક અવસ્થા બે જૂદા જુદા માર્ગે ચાલતી હોય છે. આપણું તન અને મન પણ બે જુદા જુદા માર્ગે ચાલતું હોય છે. એમાં પણ અમુક કાર્ય કે ઘટના માટે એક જ ઘરમાં સાથે રહેતા પરિવારજનો માટે અલગ અલગ ભાવ હોય છે અથવા તો સુખ-દઃખનાં ભાવોનું મિશ્રણ પણ હોઈ શકે છે. દા.ત. દિવાળી-બેસતા વર્ષનો તહેવાર! ઘરનાં નાના-મોટા સૌનો માટે આનંદનો અવસર પણ એ જ ઘરમાં કોઈ પથારી-વશ વ્યક્તિ હોય એનાં માટે માનસિક પીડાનો અવસર! એની આનંદનાં ઉત્સવમાં સામેલ થવાની ઝંખના અપૂર્ણ રહી જાય જે એની માનસિક અવસ્થાને છુપું દર્દ આપે. તહેવારનો ઉત્સાહ એના દાઝેલા દર્દ પર જાણે-અજાણે ડામ આપી દે. એનો આનંદ ખંડિત થાય અને વધુ તકલીફ તો એ કે પોતાનાં દર્દની વ્યથાને આંસુઓ દ્વારા વર્ણવી પણ ન શકે અને સ્વભાવની મર્યાદા અને શારીરિક અવસ્થા એની આનંદની ક્ષણો છીનવી લે. પરંતુ મન કાબુમાં હોય તો આનંદનાં અવસરને ખૂલ્લા મનથી માણી પણ શકે! ભાવાર્થ એજ કે સુખની અને દુઃખની અવસ્થાઓ સમયને આધારિત નથી. આપણી જીંદગી માટે 'ઈશ-તત્વ' દ્વારા લખાયેલી ચોપડી છે જેને જીંદગીની હકીકત સમજીને માનભેર અપનાવી લેવી એજ એક માર્ગ. સમય બદલાશે એની પ્રતિક્ષા ન કરાય. બીજી ક્ષણે શું ? એ તો - 'ન જાણે જાનકીનાથ' ! તેથી વર્તમાન પરિસ્થિતિનો સ્વિકાર ! એ સ્વીકાર હૃદયથી કરીએ કે મનને મનાવીને : રંગો પૂરીને ઉત્વસવને માણી લેવાનો વિકલ્પ લઈને કે અશ્રુધારા છૂપાવીને ! એ જાતે નક્કી કરવું પડે. ઘરનાં બીજા સભ્યો કે દોસ્તોને દુઃખ જતાવવાનુ કે એમના આનંદમાં શામિલ થવું. એ ઘટનાને હકારાત્મક બનાવવી કે નકારાત્મક એ એક વ્યક્તિગત નિર્ણય છે અને એ નિર્ણય ખૂદ એક ઘટના છે. પરમ કૃષ્ણની લયલીલા છે. રોજ સવારે સૂર્ય આકાશમાં ઉગે છે અને સંધ્યાકાળે દરિયામાં આથમે છે. એક પછી એક તારાઓ અદ્રશ્ય થતા જાય છે. સમગ્ર જીવંત સૃષ્ટિ સૂર્યોદયની પ્રતિક્ષા કરે છે, તો આ શું સમય કરે છે? 'સમય' તો આપણી સમજણ માટેનો એક

નિર્જીવ શબ્દ માત્ર છે ! સમયને આપણી ઘટનાઓ સાથે કોઈ સંબંધ નથી. હકીકત તો એ જ છે કે આ તો સમગ્ર સૃષ્ટિ સર્જનહારની લાંબી સંગીતમય રચના છે અને જીવન દ્વારા જે પ્રગટ થાય છે તે અસ્તિત્વનો ઉત્સવ છે જેને અપનાવી ઉજવવાનું છે. અને આ ઉત્સવમાં 'સમય' નું દૂર દૂર થી પણ ક્યાંય સ્થાન નથી. ઉત્સવ તો આનંદની પળો છે અને પળોની કંઈ માત્રા નથી હોતી જેની ગણત્રી કરી શકાય ! સમયનું કેલેન્ડર તો ફક્ત ગણત્રી માત્ર છે. બાકી તો હજારો વર્ષો પહેલા ઉગતા સૂર્યને નિરખતી વખતે માણસ વિસ્મય પામતો. ધીમે ધી મે સૂર્ય અંગેની સમજણ વધતી ગઈ. વિજ્ઞાન-શાસ્ત્ર અસ્તિત્વમાં આવતું ગયું ! અને સમજાતું ગયું આમાં સમય શબ્દનું કંઈ લેવુ-દેવું નથી.

કહે છે કે પ્રત્યેક અણુ-પરમાણુ અને પ્રત્યેક કોષ (સેલ), આજની વૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો 'પ્રોગ્રામ્ડ' હોય છે. માણસનાં જીવનનાં આવા 'પ્રોગ્રામ્ડ' ભાગને જ કદાચ પ્રારબ્ધ કહેવામાં આવે છે. માણસ આમ તો કાળપ્રવાહમાં તણાંતુ તણખલું માત્ર છે જેને 'કાળ' કે 'સમય' સાથે કોઈ જ સંબંધ નથી. માણસને સંબંધ છે માત્ર એના પ્રારબ્ધ ના સર્જન ના લય સાથે જે પૂર્ણતા વગર નથી જાણતો. કશુંક ખામીયુક્ત હોય કે અપૂર્ણ હોય ત્યારે માણસને બેચેની રહે છે કારણ કે 'કોસ્મોસ' ખલેલ પામે છે તેથી લય તૂટે છે.

સમય અને અવકાશ સતત આપણી સાથે જ હોય છે. સમયને આપણે ઝરણાની માફક વહેતી બાબત તરીકે સમજીએ છીએ. પણ કારણ કે સમય સતત આપણી સાથે હોય છે. તેથી એને સમજવાનું ટાળવામાં આવે છે. સમયને 'અદ્રશ્ય અવકાશ' ગણવામાં આવે છે. આ તો વૈજ્ઞાનિકોના ક્ષેત્રનું જ્ઞાન છે જે આપણી સમજની બહાર છે. આપણે તો બસ 'સમય' શબ્દની પવિત્રતા ને વંદન કરીએ 'શુભ' સમયની પ્રતિક્ષા નહીં; એ મારું માનવું છે.

PPP

Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)

SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)

જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ

(મૂડેતી - અમદાવાદ)


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

## નૂતન વર્ષાભિનંદન !

દિવાળી ગઈ અને બેસતા વર્ષના ઉત્સવની પ્રતિક્ષા સૌને છે. સૃષ્ટિમાં આનંદની લહેરખી લહેરાવવા સૌ આતુર છે. પૂજન કરી 'ઈશ્વર તત્વને' યાદ કરી અત્યંત આભાર માનવાના પવિત્ર દિવસો ને વધાવી 'ઈશ્વર તત્વને' પ્રસાદ રૂપે શું અર્પણ કરી શકીએ ? મીઠાઈની મધુરતા ? ભક્તિ-ભાવની ગહન સંવેદનશીલતા ? પ્રેમ-ભાવની આત્મીયતા ? મનની ચિંતનશીલતા ? મારે તો આ બધું જ એક સાથે પ્રસાદ રૂપે મારા મનની વાતોને શબ્દોમાં ગધ્ય-પધ્ય રૂપે લખી ધરવું છે.

## ઈનાયત

'તું છે તો તારી કૃપા છે - હું છું તો મારી શ્રધ્ધા છે.
મોકલાવી છે ચિઠ્ઠી તને - વાંચજે ઈશ્વર બનીને.
માંગી છે કૃપા સર્વ જીવ માટે - ઈચ્છા હોય તો આપજે.
સન્માન અમારું સાચવી ને -
દિવડા પ્રગટાવી રાખ્યા છે અમે
હોય ઘી તારી પાસે તો ;
જ્યોત નૂતન વર્ષની પ્રજ્વલિત રાખજે
પ્રાર્થના સ્વીકારી આશિર્વાદ આપજે :
તારી લીલીછમ નજરૂમાં રાખજે !

## પ્રણિપાત

તું જ મનમાં.... તું જ તનમાં :
તું જ વિચારોમાં.... તું જ શ્વાસોમાં
તું જ અંતરમાં..... તું જ હૃદયમાં : તું જ ચિત્તમાં.... તું જ દર્શનની દ્રષ્ટિમાં
કઈ જગ્યા બાકી છે એ કહે ને ?
પહોંચી ત્યાં : પામી તને : થાઉં વિલીન તારી સૃષ્ટિ માં !

## અણસાર

સમજણ વધી : ભક્તિ સમજી.... શ્રધ્ધાની જ્યોત પ્રજ્વલી
દ્રષ્ટિ બદલી : પરિપકવતા નધી.... સંબંધોની ગાંઠ ખૂલી
આનંદની તૃપ્તિ વધી, રુદનની માત્રા ઘટી.
જે મળ્યું છે તે યોગ્ય જ છે ;
એ પરિસ્થિતિ સ્વીકૃત બની : રગરગમાં પ્રસરી ગઈ !

## અભ્યર્થના

ખોવાઈ જવું છે પ્રભુ ! તમારી સૃષ્ટિમાં
ઉડી જવું છે અનંત આકાશમાં ।
કેડીઓ કંડારજો । પ્રયાણ કરાવજો
મુક્ત પંખી સમ ઊંડાણ ભરાવજો ।
તમે છો તો હું છું. તેથી જ વિનવું છું ।
માનસિક બિરાજતા તમારા સ્વરૂપના આકારને
અસ્તિત્વ આપજો । નયનો માં બિરાજજો !

## અવિરત તમે

તમારું અદ્રશ્ય અસ્તિત્વ મને ખૂબ વ્હાલું લાગે છે. હૃદયનાં બાજઠ પર બિરાજતું તમારી અદ્રશ્ય છાયાનું રૂપ મને ખૂબ પ્રેરણા આપે છે. તમારું અદ્રશ્ય સાનિધ્ય મને ખૂબ મોકળાશ આપે છે. સ્નેહની ભિનાશથી મારું અંતર ભીંજવે છે. મારા જીવનને જીવંત રાખે છે. મારા હૃદયને હળવાશ આપે છે.
શ્રદ્ધાંના સંબંધો : બંધ આંખે તમારા દર્શન કરાવે છે. તમારા સાનિધ્ય નો અહેસાસ કરાવે છે.

## સેતુ

તમે અને હું । વચ્ચે એક અદ્રશ્ય સેતુ ।
ન દેખ્યું ન જાણ્યું : એકાકી મારા મને પીછાણ્યું ।
તમારું તમને અર્પણ । કહું છું વારંવાર ।
તોય મન અશાંત : કારણ
મળીએ જ્યારે જો પૂછો : શું લાવી મારા માટે ?
તો શું ઉત્તર આપીશ ? ખાલી ભંડાર મારા ?
ના । ના । એમ કહીશ । લાવી છું ।
સ્નેહથી આત્મ વંદન મારા :
ધરવા શ્રી ચરણોમાં તમારા ।
**પ્રસાદ અંગીકાર કરી :** અંતે ઈશ્વરે મારા આંતર મન સાથે એક સંવાદ સાધી કહ્યું :
કેસરિયા સ્નાન કંઈ તું મને નથી કરાવતી ।
તું તો ફરાવે છે તારા વાણી, વર્તન, વિચારને ।
તારા સ્વનો મારામાં વિલય કરીને ।

# મનગમતો તહેવાર દિવાળી

- પ્રવીણા કડકીઆ (લટકારી)

દર વર્ષે આવતી દિવાળીની મઝા કાંઈ ઔર છે. હિંદુઓનો સહુથી મનગમતો તહેવાર એટલે દિવાળી. આસો મહિનાની અમાસ. જે દિવાળીના ઝગમગતા દીવડાઓથી સોહી ઉઠે. ગરીબ હો યા તવંગર સહુને દિવાળીનો તહેવાર મન પસંદ છે.

કોઈનો દિ' વાળીએ તો આપણી દિવાળી ઉજવી કહેવાય.

દિવાળીનું શુભ પર્વ સુહને મંગલકારી હો ! આવો જ્ઞાનના દીપક દ્વારા અજ્ઞાનનું તિમિર હટાવી દિલને પાવનતાથી ભરીએ પ્યાર અને સહકારની ભાવનાની ગાંઠ મજબૂત કરીએ. ઈર્ષ્યા તેમજ દ્વેષને દેશવટો આપીએ મંગલકારી ભાવનાનું પ્રસરણ હૃદયરૂપી કોડિયામાં પ્યારનું તેલ પૂરી, સ્નેહની વાટ બાનવી જ્ઞાનનો ઉજાસ ફેલાવી સમજણ ને ભાઈચારાનો સંદેશો ઘેર ઘેર પહોંચાડીએ. આ શુભ પર્વ દર વર્ષે આવે. અસત્ય ઉપર સત્યનો વિજય છે. વિક્રમ સંવત વર્ષનો શુભારંભ થાય છે. રાજા રામની કહાની અને મહાવીર સ્વામીના નિર્વાણની વાતથી સહુ માહિતગાર છે.

દિવાળીની સાથે દીવડાં, સાથિયા, તોરણ વિગેરે હોય. સરસ મઝાના દિવાળીના ખાસ નાસ્તા હોય. આ બધું દિવાળીના દિવસો દરમ્યાન આવે. સહુ પ્રથમ આવે 'સાફસૂફી'. ખૂણે ખાંચરેથી દિવાળી આવતા પહેલાં સાફસૂફીનો કાર્યક્રમ હોય. કબાટ, રસોડું, શો કેસ, માળિયુ સઘળી જગ્યાઓ વાળી ઝુડીને સાફ થાય. બાળપણમાં દિવાળી દરમ્યાન જે સાફસૂફી પંદર દિવસ પહેલાંથી શરૂ થતી હતી તે યાદ આવે છે. અમારો જૂનો નોકર 'ગનુ' તેને બધી જ ખબર હોય. માળિયા પરથી મોટાં પિત્તળના તપેલા, તાંબાનો ઘડો અને ગુણિયો, ગરમ પાણી કરવાનો બંબો બધું ચકચકિત દેખાય એવો કરતો.

હજુ છ મહિના પહેલાં પરણીને આવેલી સલોનીએ નવું કંઈક કરવાનો પ્રસ્તાવ મૂક્યો. મમ્મીજીને વિનય પૂર્વક પોતાનો વિચાર જણાવ્યો. મમ્મીજીએ સહર્ષ વધાવ્યો.

ઘરમાં કામ કરનાર સૌને બોલાવી તેમને અંગત પ્રશ્નો પૂછી માહિતી એકઠી કરી. તેમના બાળકો માટે નવા કપડાં ખરીદ્યા. મિઠાઈના પડીકા બનાવ્યા. સૂકોમેવો જે તેમને સુંઘવા પણ મળતો નહીં તેના પડીકા જુદા બનાવડાવ્યા.

મમ્મીજી તો સલોનીનો ઉત્સાહ જોતા રહ્યા. તેમને થયું, આ છોકરીના હાથની મહેંદીનો રંગ હજુ નિકળ્યો નથી ત્યાં કેટલા ઉમંગ અને ઉત્સાહપૂર્વક આ બધું સંભાળી રહી છે. તેમને દીકરાની પસંદગી પર ગર્વ થયો.

મમ્મીજી અને પપ્પાજી બન્ને એક જ ગામના વતની હોવાને કારણે ત્યાંની શાળાના આધુનિકરણનો વિચાર રજૂ કર્યો. સાહિલના મમ્મી અને પપ્પા ખૂબ ખુશ થયા. દિવાળી દરમ્યાન ખોટા ખર્ચા કરવાને બદલે જરૂરિયાતમંદોને પ્રગતિના પથ પર પ્રયાણ કરાવવાનું વધારે ઉચિત લાગ્યું.

સાહિલ અને સલોની બન્ને સાથે ભણતા હતા. તેમની નોકરી દ્વારા ખૂબ સુંદર આવક હતી. તેઓ માહિતગાર હતાં કે 'વિદ્યા' નું જીવનમાં શું સ્થાન છે !

મમ્મીજી તો સલોનીના વિચારથી ખૂબ ખુશ થયા. હમણાં જ ઘરમાં લગ્નનો પ્રસંગ ઉજવાયો હતો. ન તો કોઈને નવા કપડાંની જરૂર હતી ન કોઈ આભૂષણની. ફટાકડા પોતાના ઘરમાં કામ કરતી વ્યક્તિઓના બાળકને બોલાવી ફોડાવ્યા. તેમના મુખ પરનો અનેરો આનંદ જોઈ આખું ઘર ખુશખુશાલ થઈ ગયું. સહુને સુંદર ભોજન કરાવ્યું. ઘરમાં ક્યાં કશાની કમી હતી. આ બધા કુટુંબોના મુખ પર ફરી વળેલી આનંદની સુરખી જોઈ સહુ રાજી થયા.

આવી દિવાળીનો આનંદ ક્યારેય ભાગ્યમાં જોવો પામ્યા ન હતા. સલોનીએ આ ધારો, સમજણી થઈ ત્યારથી પોતાની મમ્મીને ત્યાં ચાલુ કર્યો હતો. જે મમ્મીજીને પણ પસંદ આવ્યો એ જાણી રાજી થઈ. દિવાળીના દિવસોમાં દીવડાની કલાત્મક ગોઠવણી અને રંગોળીની રજૂઆત સાહિલ પણ ફિદા થઈ ગયો.

ભારતમાં મોટાભાગના બધાં ધર્મમાં દિવાળીનું

મહત્વ અલગ અલગ રીતે રજુ કરવામાં આવ્યું છે. પાંડવો પણ બાર વર્ષનો વનવાસ ભોગવી હસ્તિનાપુર પાછા આ દિવસો દરમ્યાન આવ્યા હતા. રાજા રામ લંકા પર વિજય પ્રાપ્ત કરી અયોધ્યા આવી પહોંચ્યા હતા.

આમ દિવાળીના દિવસો દરમ્યાન સાહિલ અને સલોની, મમ્મી, પપ્પા અને નાના ભાઈ સાથે આનંદ મંગલ મનાવ્યો.

'સાહિલ તને નથી લાગતું આ રીતે દિવાળી ઉજવવાની મઝા કંઈ ઔર જ છે ?'

'તારે જાણવું છે, સહુથી વધારે મઝા કેવી રીતે આવે ?'

સલોની, સાહિલની બદદાનત પારખી ગઈ !

'ભાભી', પેલો નાનો સોનુ બોલી ઉઠયો, 'તમે એમ નહીં માનતા કે હું તમને આસાનીથી છટકવા દઈશ ?'

'કેમ ભાઈ, તમારો શું ઈરાદો છે ?'

'ભાભી દર દિવાળીએ સાહિલભાઈ મને સિનેમા બતાવે, મંદિરે દર્શન કરવા લઈ જાય અને પછી મારી મનગમતી હોટલમાં જમાડે.'

આ અમારા બન્ને ભાઈનો નક્કી પ્રોગ્રામ હોય છે. મમ્મી અને પપ્પા ત્યારે પોતાની સાંજ શાંતિથી ગુજારે. દીવડાઓની દીપમાલા જોઈને રાજી થાય કારણ બીજે દિવસે આખું ઘર કાકા, મામા, માસી, ફોઈ, બા, દાદા અને નાના, નાનીથી ઉભરાઈ જતું હોય.

'આ તો મમ્મીએ મને જણાવ્યું ન હતું. તો તમે બન્ને ભાઈ તમારી રીતે દિવાળી ઉજવો' !

'અરે, મારી વ્હાલી ભાભી આ વર્ષે અમે બે નહીં આપણે ત્રણ જણા સાથે ઉજવીશું.'

આમ પ્યાર પૂર્વક વિચારોની આપ-લે કરી. સહુના મન જીત્યા, દિવાળી હોય અને સુંદર ખાવાનું, સહુને ખુશી વેંચવાની અને નવા વર્ષના વધામણાની તૈયારીમાં મચી પડયા. તમને પણ આમંત્રણ છે. જરૂરથી પધારશો. અમારા ઘરનું આંગણું પાવન થશે.

PPP


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

|| Jay Jay Shree Gokulesh ||

Kinjal Parikh 8104682589 9820815584

Chintak Parikh 9324310473 9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

# ભજનનો સમય

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

**પ્રભાતનાં પદો** : પ્રભાતના પદો ગાવાનો સમય મળસ્કે ચાર થી સૂર્યોદય થાય ત્યાં સુધીનો ગણાય છે. આપણે ત્યાં ખાસ કરીને નરસિંહ મહેતાના પ્રભાતિયાં એ સમયે ગવાય છે. પ્રભાતનું નીરવ એકાંત, પ્રભાતિયામાં રસાયેલો ઝૂલણાનો મધુર લય અને રાતભરના આરામથી થયેલું પ્રફુલ્લિત મન સાધના માટે અત્યંત સાનુકૂળ બની રહે છે. તેથી પ્રભાતિયાં મળસ્કેથી ગાવાનો રિવાજ પડયો હોવો જોઈએ. ભજન અને તેનાં રાગરાગિણી માત્ર ગમ્મત ખાતર રચાયાં હોય એમ માની શકાય નહિ. એની પાછળ કોઈ ચોક્કસ હેતુ હોવો જોઈએ. ભજન તો એક સાધના છે. સાધકને પ્રભુ પરાયણ થવામાં સાધન મદદરૂપ થઈ શકે. માટે મનુષ્ય જન્મનો હેતુ પ્રભુ પરાયણ થઈ મુક્તિ મેળવવાનો ગણાય છે. આ હેતુ પાર લાવવામાં પ્રભાતિયાં પણ અત્યંત ઉપયોગી ગણાય છે. જો કે સાધકની લગની પર જ સાધનના ઉપયોગની સાર્થકતા આધારિત છે. સાધકના ચિત્તને પરિવર્તિત કરવાની શક્તિ આવી સાધનાઓમાં અવશ્ય રહેલી છે એવી સંતોની અનુભવવાણી છે.

**કીર્તનનાં પદો** : કીર્તન કરવાનો રિવાજ શા માટે પડયો હશે એવો પ્રશ્ન આજના જમાનામાં થાય તે બિલકુલ સ્વાભાવિક છે કારણ તપાસીએ ત્યારે ખરેખર આપણે કીર્તન કરીએ છીએ ત્યારે કયા કયા ભાવો જાગે છે ? ક્યા કયા વિચારો ઉદ્ભવે છે? આ બધાનું નિરીક્ષણ કરવું જોઈએ. સદ્ગત આત્મા અમર છે. માત્ર દેહનું જ વિસર્જન થયું છે એવો ભાવ કીર્તન કરતી વેળા આપણા હૃદયમાં જાગે છે. આ પણ એક કારણ જ છે. અમર આત્મા પાછળ પાર્થિવ લોકો શોક ના કરે, પોતાની ફરજ ન ચૂકે, પ્રવાહ પ્રાપ્ત ધર્મના પાલનમાં ખલેલ નાં પહોંચે, તે પણ કીર્તનનો રિવાજ પાછળનું બીજું કારણ ગણાય. સદ્ગત આત્માની અતૃપ્ત ઈચ્છાઓ તેને અવગતિએ ન પહોંચાડે એવી પણ લાગણી કીર્તનના રિવાજ પાછળ રહેલી છે. આપણે જે શબ્દો મોઢેથી બોલીએ છીએ તે અવકાશમાં વ્યાપક બની નિરાકાર સ્વરૂપે આંદોલિત થાય છે. આ આંદોલનની વેધકતા કીર્તન કરનારના ભાવની તીવ્રતા પર જ આધાર રાખે છે. વેધક બનેલું આંદોલન પોતે અત્યંત સુક્ષ્મ હોવાથી સુક્ષ્મ જગત સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવે છે. ત્યાં અતૃપ્ત ઈચ્છાઓનાં વમળોને શાંત કરવાની સોનેરી તક સાંપડે છે અને એ રીતે તેની ગતિમાં ફેરફાર થાય છે. આ રીતે પાર્થિવ ગણાતી પ્રાર્થના કે કીર્તનનાં સાધનો સદ્ગત આત્માને મદદરૂ બની શકે છે. આવી સુક્ષ્મ સમજ કીર્તનનાં રિવાજ પાછળ રહેલી છે.

પહેલા આશાવરી કે પહેલા બિલાવલ – કયો રાગ પહેલા ગાવો એ એક ચર્ચાસ્પદ મુદ્દો છે. કોઈ જગ્યાએ પ્રથમ બિલાવલ ગાવામાં આવે છે તો કોઈ જગ્યાએ પ્રથમ આશાવરી ગાવામાં આવે છે. એટલું ખરું કે વહેલી સવારથી પ્રભાતના પ્રથમ પ્હોર સુધી બંને રાગ ગાઈ શકાય છે એવું સંગીતજ્ઞોનું કહેવું છે. આપણે ત્યાં પ્રથમ બિલાવલ પછી આશાવરી ગાવાનો રિવાજ છે.

કીર્તન પ્રસંગે આશાવરી પછી સારંગ ગાવાનો રિવાજ છે. ખરેખર તો સવારે નવ વાગ્યા પછી આશાવરીનો રાગ ન ગાવો જોઈએ. પરંતુ આપણે ત્યાં આશાવરી બપોરે બાર વાગ્યા સુધી ગાવામાં આવે છે. બાર વાગ્યાથી સાંજે સંધ્યાકાળ સુધી સારંગ ગાવામાં આવે છે. સવારે નવથી સાંજે ચાર વાગ્યા સુધી સારંગ ગાઈ શકાય છે. એવો શાસ્ત્રીય મત છે.

**ગોડીનાં પદો** : ચાર વાગ્યા પછી ગોડી ગાય શકાય છે. આ ગોડીને પૂર્વી ગોડી પણ કહે છે. આપણે ત્યાં પૂર્વી ગોડી બહુ પ્રચિલત નથી. આગલી પેઢીને ગોડી હજી કંઠસ્થ છે. સૂર્યાસ્ત પછી રાત્રીની જમાવટ થાય ત્યાં સુધી ગોડી ગાઈ શકાય છે. આપણે ત્યાં આરતી કરતાં પહેલા ગોડી ગાવાનો રિવાજ છે તે આ દૃષ્ટિએ બરાબર છે.

**આરતીનાં પદો** : સાચી આરત્થી કરવામાં આવતી પ્રાર્થનાને આરતી કહેવામાં આવે છે. આરતીમાં તો પ્રભુના ગુણગાન જ કરવામાં આવે છે. આરતી માટે કોઈ ચોક્કસ વિધિવિધાન નિયત કરવામાં આવ્યા નથી. હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન હોય, પ્રભુને પામવાની ઝંખના ન હોય તો આરતી યંત્રવત બની જાય છે. પછી ગમે તે વિધિથી આરતી કરવામાં આવતી હોય તેનો અર્થ શો ? માટે લગની,

આરત, આરતી માટે જરૂરી છે.

**બારમાસી પદો :** મનુષ્યે પોતાની રીતે સંકીર્તન એટલે સામુદાયિક સંગીતની શાખાનો વિકાસ કર્યો છે. એ શાખામાંથી કાંસા દ્વારા ભજનોનો એક પ્રકાર જુદો પડયો. આપણા તમામ ભજનોનો આ પ્રકારમાં સમાવેશ થઈ જાય છે.

બારમાસી પદો એટલે બારે માસ ગાઈ શકાય તેવાં પદો. આ પદો કોઈ પણ ઋતુમાં ગાવાં હોય તો ગાઈ શકાય છે. વસંત ઋતુમાં આ પદો જેટલા મધુરા લાગે છે તેટલા જ મધુ વર્ષા ઋતુમાં પણ લાગે છે પરંતુ રસ વિના કોઈ પણ વસ્તુમાં કસ જણાશે નહિં. ભજનમાં જ રસ ન હોય તો ગમે તે ઋતુમાં ભજન કંટાળાજનક જ લાગે છે. આજે આપણે ત્યાં આવી જ દશા છે. રસ ઓછો થવાનાં ઘણાં કારણો હશે પરંતુ એક પ્રશ્ન ખાસ પૂછવામાં આવે છે કે આપણા ભજનોમાં શબ્દ અને સંગીતને સ્થાન કેટલું ? તેથી શબ્દ અને સંગીત વિષે અહીં થોડી સમજૂતી કરી લઈએ તો અસ્થાને ગણાશે નહિ એમ આપણે માનીએ છીએ.

ઓમકાર સર્વક શબ્દ ગણાયો છે કારણ કે પરમાત્માનો એ વાચક શબ્દ છે એમ ગીતામાં કહ્યું છે. મનુષ્ય આ સર્વક શબ્દની જ અભિવ્યક્તિ છે એ કેવી રીતે ? ઓમકાર એ ત્રિગુણાત્મક સૃષ્ટિની સાંકેતિક સંજ્ઞા છે. અ, ઉ, મ દ્વારા સત્વ, રજ ને તમઃ જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ : આકાશ, પૃથ્વીને પાતાળ : બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ : એ તમામ ત્રિપરીબળોનો સમાવેશ ઓમકાર શબ્દમાં કરવામાં આવ્યો છે. ત્રિગુણાત્મક સૃષ્ટિનું મહત્વનું અંગ તે મનુષ્ય. આ રીતે મનુષ્ય ઓમકાર શબ્દની અભિવ્યકિત છે એમ કહેવાયું છે. આ જ સિદ્ધાંતને આધારે સંગીતશાસ્ત્ર માને છે કે મનુષ્ય પર અવાજની ધારી અસર ઉપજાવી શકાય છે. આ હકીકત પણ છે જ. કોઈ પણ આવાજની ત્વરિત અસર આપણા ચિત્તતંત્ર પર થાય છે. તેનો આપણને સહુને અનુભવ છે. માટે સંગીતનું ધ્યેય સામુદાયિક એકરાગિતાનું નહિ પરંતુ પરમાત્મા સાથે વ્યક્તિગત ઐક્ય સાધવાનું છે. આ રીતે ભારતીય સંગીત એ આત્મલક્ષી, આધ્યાત્મિક અને વ્યક્તિગત કળા તરીકે માન્ય થયું છે.

સામાન્ય રીતે શબ્દ અને સંગીત બંને સાધનો અલગ અલગ લાગશે. ભજનો શબ્દ આધારિત છે જ્યારે સંગીત નાદ આધારિત છે. પરંતુ નાદ ક્યાં રહેલો છે ? ખરેખર તો નાદ શબ્દોમાં જ સુક્ષ્મ સ્વરૂપે છૂપાયેલો રહે છે. જ્યારે શબ્દનું ઉચ્ચારણ થાય ત્યારે જ નાદની પ્રતીતિ થાય છે. શબ્દ અને સ્થૂળ સ્વરૂપે છે એનો નાદ એ સુક્ષ્મ સ્વરૂપે છે. 'રામ' એ શબ્દ થયો એ રામ શબ્દના ઉચ્ચારથી જે ધ્વની પેદા થાય તે નાદ થયો. રામ શબ્દનો જાપ માનસિક રીતે કરો તો નાદ સુક્ષ્મ સ્વરૂપે જ રહે છે. જેની પ્રતીતિ બીજાને થતી નથી. જ્યારે રામ શબ્દનો વાચિક રીતે જાપ કરવામાં આવે તો નાદ સુક્ષ્મ મટી સ્થૂળ ધારણ કરે છે. તેથી તેની પ્રતિતિ બીજાને તરત જ થાય છે. કેટલીકવાર એવો અનુભવ થાય છે કે સારું સંગીત સાંભળ્યા પછી વર્ષો સુધી તેની મધુર યાદ આવ્યા કરતી હોય છે. નાદના સુક્ષ્મ સ્વરૂપની આવી ખૂબી છે. સંગીતમય ભજનો થતાં હોય ત્યારે કેટલીક વાર એવું પણ બને કે શબ્દો લયવાહી વધારે હોય ત્યારે સાંભળનારનું ધ્યાન માત્ર શબ્દ તરફ જાય છે. તે જ રીતે જ્યારે શબ્દો કરતાં સંગીત વધારે મધુર લાગતું હોય ત્યારે સાંભળનારનું ધ્યાન સંગીત તરફ જાય છે. મતલબ કે કોઈકવાર શબ્દ ગૌણ બને તો કોઈકવાર નાદ ગૌણ બને છે. પરંતુ રસિકજનોને માટે શબ્દ અને નાદ બંને સરખા મહત્વના છે. આપણે ત્યાં કાંસાથી ગવાતા ભજનોમાં નાદ અને શબ્દ બંને મહત્વના છે. આખરે શબ્દ જે કામ કરે છે તે જ નાદ પણ કરે છે. શબ્દ પણ ભાવ જ પેદા કરે છે અને નાદ પણ ભાવ જ પેદા કરે છે. સાંભળનારનાં હૃદયમાં ભાવની ભરતી આવે તો સમજવું કે બંને સાધનો કામિયાબ નીવડયાં. આ પરિસ્થિતિને નિર્માણ કરવી હોય તો બુદ્ધિને સતેજ કરવી પડશે અને કાનને સરવા બનાવવા પડશે.

કાંસા દ્વારા થતા ભજનોનાં પ્રકારનો ધીમે ધીમે લોપ થતો જાય છે. છતાં એ પદ્ધતિની આગવી મજા પણ છે. તે આપણે ત્યાં કાંઈક અંશે જળવાઈ રહી છે. એ જાળવી રાખીશું તો પણ મોટું પુણ્યકાર્ય કર્યું એમ ભાવી પેઢી ગણશે એવી અમોને ખાતરી છે.

**ધોળ મંગળના પદો :** ધોળ મંગળના પદો કોઈ પણ સમયે ગાઈ શકાય છે. કબીર પંથમાં હરેક પળ શુભ અને મંગળ મનાય છે. ભક્તિમાં મન નિત્ય પરોવાયેલું રહેતું હોવાથી પ્રત્યેક પળે આનંદનો જ અનુભવ થતો હોય છે. તેથી કબીર સાહેબે બારેમાસ વસંતની કલ્પના કરી છે.

આપણે ત્યાં લગ્ન પ્રસંગે જેમ મંગળ ગવાય છે તેમ મરણ પ્રસંગે પણ ગવાય છે.

**ગરબી :** ગ્રામ જનતા પહેલાનાં જમાનાથી જ ઉત્વસ પ્રિય ગણાતી આવી છે. આ ઉત્સવ પ્રિયતામાંથી જ ગરબા-ગરબીનો જન્મ થયો છે. તેથી બંને સ્વરૂપોનાં આનંદ કેન્દ્રસ્થાને છે. બંને સ્વરૂપમાં સંઘગાન અને સંઘનૃત્ય જરૂરી મનાય છે. છતાં બંને સ્વરૂપોમાં થોડો તફાવત પણ છે. પ્રસંગ કથા, લાંબા વર્ણનો અને અનેક વિચારો ગરબામાં વ્યક્ત થઈ શકે છે. તેથી તેનું સ્વરૂપ લાંબુ હોય છે. દસ મિનિટ સુધી ગવાય એવો પણ ગરબો છે અને બે કલાક ચાલે એવો પણ ગરબો છે. જ્યારે ગરબીનું રૂપ ટૂંકુ છે. દસ બાર લીટીમાં એનો અંત આવી જાય છે. વર્ણન કે પ્રસંગ કથાને અવકાશ મળતો નથી. માત્ર એક જ વિચાર સચોટ રીતે વ્યક્ત થાય છે. ભક્ત કવિઓએ ગરબીના આ સ્વરૂપમાં કૃષ્ણભક્તિનો જ આનંદ વ્યક્ત કર્યો છે.

**દેવગંધારના પદો :** રાત્રીનાં અંતે દેવગંધારનાં પદોથી આવે છે. પ્રભાત કાળથી શરૂ કરી દેવગંધાર સુધીનો ચોવીસ કલાકનો ક્રમ અહીં પુરો થાય છે. પ્રભાત પહેલા દેવગંધારનો લય ખૂબ મીઠો લાગે છે. નીરવ એકાંત અને શીત ખુશનુમા હવામાનમાં દેવગંધારનો લય ગાનારના તથા સાંભળનારનાં હૃદયમાં પરમ આનંદનો પૂરક બની રહે છે. દેવગંધારનાં પદો ગાવા એ પણ એક લ્હાવો છે. ત્યાં સુધી કોઈ જાગી શકે ? ત્યાં સુધી બેસી રહેવાની ધીરજ કોણ રાખી શકે ?

**વસંતના પદો :** આપણે ત્યાં વસંત ઋતુમાં વસંતના પદો ગાવાનો રિવાજ છે. જો કે એ સ્થૂળ રિવાજ કહેવાય. વસંત શબ્દ આનંદનો પર્યાય છે, તેથી આનંદની કોઈ પણ ઘડીઓમાં વસંતનાં પદો ગાવામાં આવે તો વાંધાજનક નથી. તે જ રીતે ધમારનાં પદોનું સમજવું. આપણે ત્યાં ધમારને બદલે ધ્રુમાર શબ્દ વધારે ચલણી બની ગયો છે. ખરો શબ્દ ધમાર જ છે. ધમાર એ તાલનું નામ છે. એ તાલમાં જે ગીત કે ભજન ગાવામાં આવે તે ધમારનું પદ કહેવાય. ધમારનું પદ ગાવામાં વિશેષ બળ વાપરવું પડે છે. આ અવાજનું ગાયન છે. 'હોરી' પ્રંસગે ધમાર ગાવામાં આવે છે તેથી 'હોરી'ના પદો તરીકે પણ ઓળખવામાં આવે છે.

**જન્માષ્ટમીનાં પદો :** શ્રી કૃષ્ણ જન્માષ્ટીનાં પદો જન્મોત્સવના પદો છે. પરમ શક્તિ જગતને દોરવણી આપવા માટે વાંરવાર સાકાર રૂપ ધારણ કરી આવે છે. એવો આજ લગીનો આધ્યાત્મિક ઈતિહાસ કહે છે. એને આપણે અવતાર કહીએ છીએ. શ્રી કૃષ્ણ એવા અવતારી મહાપુરુષ હતા તેથી તેમને જન્મ દિવસ હજી સુધી ઉજવાતો રહ્યો છે. એ જ એમની મહાનતાનો પુરાવો છે. પરમ શક્તિ અવતાર ધારણ કરે ત્યારે કોને આનંદ ન થાય ? જડ-ચેતન, સચરાચરમાં આનંદની લહર ફરી વળે છે. જન્માષ્ટમીનાં પદોમાં ખાસ કરીને પરમ આનંદ જ વ્યક્ત થયો છે.

---

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત મેડીકલ સેન્ટરનો લાભ આપણે તથા આપણાં કુટુંબીજનો અવાર નવાર લઈ રહ્યાં છે. આજના આ યુગમાં આવતી મહામારી અને એને લગતી નાની મોટી બિમારી તથા નાના મોટા ઓપરેશનો માટે પેથોલોજી તથા રેડીયોલોજીનાં રીપોર્ટ આપવા જરૂરી થઈ ગયાં છે. વ્યવસ્થિત ડાયેગ્નોસીસ્ સિવાય કોઈપણ રોગનું નિદાન કરવું મુશ્કેલ છે.

આપણું ઉપરોક્ત સમાજ આ માટે ઉદાર દિલ દાતાઓને વિનંતી કરે છે કે નીચે મુજબની અમો જાહેર કરેલ સ્કીમના જરૂરી પ્રતિસાદ આપશો.

આ સ્કીમ સાથે દાતા જે નામ આપશે એ અમો કારોબારીમાં રજૂ કરી એને મંજૂરી આપશું. આ રકમનાં વ્યાજમાંથી જરૂરીયાતમંદ પરીવારને રિપોર્ટ કઢાવવામાં મદદ મળી રહેશે.

૧. પેથોલોજી રીપોર્ટ સ્કીમ રૂા. ૧૫,૦૦,૦૦૦/-
૨. રેડીયોલોજી રીપોર્ટ સ્કીમ રૂા. ૧૫,૦૦,૦૦૦/-
(રૂપિયા પંદર લાખ પુરા બન્ને સ્કીમ માટે)

**પ્રમુખ : રાજુલ પરીખ**

# હિંડોળા ખાટ

# દિવાળી - દેવ દિવાળી

**યોગ્ય વિકલ્પ શોધ ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(વિષ્ણુ, આત્મા, વિજય, અગ્નિદેવ, ધનતેરસ, યમદ્વિતીયા, દિવાળી, બલિરાજા, તુલસી, ભૌમાસુર, રામ, ચંડ-મુંડ, સૂર્ય, રાવણ, લક્ષ્મીજી, ઈન્દ્રજીત, સ્વરૂપ, મહાદેવ, સરસ્વતી, ઈન્દ્રિયો, શરીર, ધન્વંતરી)

૧) દિવાળી પર્વ-આસો વદ તેરસ એટલે............

૨) દિવાળીનો દિવસ એટલે ભગવાન શ્રીકૃષ્ણે...................... નો નાશ કરી પ્રજાને ત્રાસમાંથી મુક્તિ અપાવી.

૩) ધર્મગ્રંથોમાં દીપકને, અગ્નિને............નું પ્રતિક માનવામાં આવે છે.

૪) આસો વદ અમાસને દિવસે ભગવાન............ નો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

૫) સ્વામી શિવાનંદ સરસ્વતીએ કરેલું આહ્‌વાન ............ ‘હે માનવી અજ્ઞાન નિદ્રામાંથી જાગ, ............ નો સદૈવ પ્રજ્વલિત પ્રકાશ પ્રાપ્ત કર.

૬) ભગવાન વિષ્ણુ એ ............ ને પોતાનું ભવન પાછું આપ્યું.

૭) દિવાળીનો દિવસ એટલે ......................સમુદ્રમાંથી નિસર્યાં.

૮) દિવાળીનું પર્વ અસત્ય પર સત્યતા ............ નું પર્વ છે.

૯) કારતક સુદ બીજ એટલે ............

૧૦) દરેક ............ ના આહાર એકાદશીના દિવસે છોડી દેવા.

૧૧) કારતક સુદ અગિયારસ એટલે ............ વિવાહનો અવસર.

૧૨) અગ્નિ, જળ અને શસ્ત્રથી અભેદ એવી સોના-રૂપા ને લોહની નગરીમાં વસતા દૈત્ય ત્રિપુરનો ............ ભગવાને નાશ કર્યો તેથી તેઓ ત્રિપુરારી કહેવાય.

જવાબ : (૧) ધનતેરસ (૨) ભૌમાસુર (૩) સૂર્ય (૪) રામ (૫) આત્મા (૬) બલીરાજા (૭) લક્ષ્મીજી (૮) વિજય (૯) યમદ્વિતીયા (૧૦) ઈન્દ્રિયો (૧૧) તુલસી (૧૨) મહાદેવ

## પ્રાર્થનાની કડી જોડો

| | | | |
|---|---|---|---|
| ૧) | હૈ તેરી રોશની મેં જો દમ | ક) | તૂ હમેં જ્ઞાનકી રોશની દે. |
| ૨) | ઓ સારે જગ કે રખવાલે | ખ) | ઉસે ઈન્સાન કહતે હૈ |
| ૩) | સહુમાં એક જ પ્રભુ બિરાજે | ગ) | કરમકા લેખ મિટે ના રે ભાઈ, |
| ૪) | દૂર અજ્ઞાન કે હો અંધેરે | ઘ) | નિર્બલ કો બલ દેને વાલે |
| ૫) | જો સોવત હૈ સો ખોવત હૈ | ચ) | માંગુ એક ચિનગારી |
| ૬) | વિશ્વાનલ હું અધિક ન માંગુ | છ) | વો અમાવસકો કર દે પૂનમ. |
| ૭) | જો મુશ્કિલ મેં ન ઘબરાયે | જ) | તેજમાં તેજ મિલાવે રે |
| ૮) | બ્રહ્મલોક થી બ્રહ્માણી આવીયાં | ઝ) | તેના તો તીરથ નહીં આવે કામ રે... |
| ૯) | કોઈ લાખ કરે ચતુરાઈ | ટ) | જો જાગત હૈ સો પાવત હૈ |
| ૧૦) | માતા-પિતાનું જેણે દિલડું દુભાવ્યું | ઠ) | સમજી પ્રીતિ બાંધજો. |

**જવાબ : ૧-છ, ૨-ઘ, ૩-ઠ, ૪-ક, ૫-ટ, ૬-ચ, ૭-ખ, ૮-જ, ૯-ગ, ૧૦-ઝ**

# બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા તરફથી મળ્યું છે.

૧. રૂા. ૨૫૦૦૦/- (અંકે પચીસ હજાર પુરા) નું માતબર દાન એક સંવેદનશીલ સદગૃહસ્થ પરિવાર તરફથી ગરીબ વિદ્યાર્થીઓને ફી રાહત માટે નામ ન જાહેર કરવાની શરતે મળ્યું છે.

આપણી સંસ્થામાં આંબેડકર ઓપન યુનિવર્સિટીના અનેક અભ્યાસ ક્રમો શરૂ થયા છે. જેવા કે. BBA, BCA, B.A., B.COM, B.LLB, M.LLB, B.S.W., PGDBA, PGDCA, DHSI, DCA, CCC, CFN, CYS, CCAW, CJMC, CSAVT, CFD, PGMAD, PGDCA, PGDCS, PGDCL, DMA, DJMC, DFD ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના અભ્યાસ ક્રમો હાલમાં કાર્યરત છે.

તેમજ આપણી સંસ્થામાં સરકારશ્રી માન્ય ગ્રાન્ટ-ઈન-એડ હેઠળ અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, ઈતિહાસના અભ્યાસ ક્રમો પોસ્ટ ગ્રેજ્યુએટમાં કાર્યરત છે. હાલમાં અર્થશાસ્ત્ર વિષયને સેલ્ફફાઈનાન્સ તરીકે માન્યતા મળી છે. જે હાલમાં કાર્યરત છે.

બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા અગાઉ છ વિંગ માટે દાનની ટહેલ નાખી હતી. તેના અનુસંધાનમાં ચાર વિંગનું દાન મળ્યું છે અને બે વિંગનું દાન મળવાનું બાકી છે.

દાન માટે કો-ઓપરેશન સમિતિનો સંપર્ક કરવો.

૧) શ્રી ઉર્વીશભાઈ મોદી (દેવ)- ૯૮૨૦૦૬૦૩૦૮

૨) વસંતભાઈ મોદી (વીમાવાળા) - ૯૮૬૯૧૦૨૭૭૯

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાં ની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - મેડીકલ સેન્ટર

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સભ્યો મેડીકલ સેન્ટરમાંથી મેડીકલ ચેનલ પાર્ટનરો દ્વારા મળતી સ્કીમો અને ફાયદાની જાણકારી રૂબરૂ તેમજ ટેલી.નં. ૨૩૬૭૦૧૬૯ અથવા મો. ૯૮૬૭૯૯૧૮૪૩ ઉપર વિગતો મેળવી ડીજીટલ પેમેન્ટ મોકલી શકે છે. પૈસાની વિગતો જાણી ડીજીટલ માધ્યમોથી મોકલવાની વિગતો આ સાથે મોકલાવી છે. Pathology અને Radiology માટે

**(1) N. M. Medical** અને **(2) Immaging Point** માટે only to pay : Shree Balasinor Pragati Samaj, Bank Details : UCO Bank, Chowpatty, Mumbai. A/c No. - 00900110034156, RTGS/NEFT.- IFSC Code : UCOA0000090

**(2) METROPOLIS (For Pathology)**

Only to Pay : Shree Balasinor Pragati Samaj, Bank Details : STATE BANK OF INDIA (05800), Hughes Road Branch, A/C No. : 38943692849 , IFSC Code : SBIN0005800

આજના ડીજીટલ અને ઈલેક્ટ્રોનીક સમયે બાલાસિનોરના મેડીકલ ડૉક્ટરો અને પ્રોફેશનલો પોતાની ઈચ્છીત સેવા, સમાજ માટે હેલ્થકેર સર્વિસીસ માટે મેનેજમેન્ટ તેમજ (મો. ૯૮૨૦૦૮૮૦૬૯) ને વિગતો મોકલે તો અનુકુળ સમયે Medical Advisors અને Management ડૉક્ટરો સાથએ મળીને આગળ વધવાનો નિર્ણય લઈ શકે. **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં**
**માહે સપ્ટેમ્બર ૨૦૨૧ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ વાન, ફીજીયોથેરાપી, હેલ્થ ચેકઅપ તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૬૧૬ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૩૫૨ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૫૭૩૦ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૫ માઈનોર ૧૭, ગાયનેકના મેજર ઓપરેશન ૩૯ માઈનોર ૦૪ તથા ઈએનટી મેજર ૦૧, માઈનોર ૩૭ તથા ઓર્થો માઈનોર ૧૧ તેમજ આંખના મેજર ૧૧૭ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૭૫૮૭૨૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૯૩૫૨૦/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૭૭૪૭૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **છારી કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૭-૯-૨૦૨૧ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ તેમા કુલ ૩૦ દર્દીઓની આંખમાંથી છારી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **ઈકો કેમ્પ :** તા. ૨-૯-૨૦૨૧ના રોજ ૪૫ તથા તા. ૧૬-૯-૨૦૨૧ ના રોજ ૩૬ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે સપ્ટે ૨૦૨૧ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૮૪૮ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૬૩૧ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૧૧૨ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૧૧૦૮૦/- રૂા. ની માફી તથા રૂા. ૪૪૩૮/- ની દવા માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૩૯૫૦૦/- ની માફી કરવામાં આવેલ છે. તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ડાયાલીસીસના ૨૫૪ દર્દીઓએ લાભ લીધેલ છે. જેના રૂા. ૩૮૩૦૦૦/- ફ્રી કરવામાં આવેલ. જે હાલમાં યોજના બંધ હોવાથી તમામ ડાયાલીસીસ ટ્રસ્ટ દ્વારા ફ્રી કરવામાં આવે છે.

**કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ.નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજ માટે જાહેર કરેલ યોજનાઓનો પ્રતિસાદ આવકાર્ય છે.**

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરેક દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીનપરીખ / શ્રી પરેશ પરીખ -**
**માનદ્ મંત્રીશ્રીઓ**


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

## બાલાસિનોરનું ગૌરવ



સહર્ષ જણાવવાનું કે મયુર મોદી (સારંગી) ને તાજેતરમાં જ જુલાઈ મહિનામાં યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના પ્રમુખ જો બાઈડન દ્વારા તેમના બે પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા અને મહિનાના અંતે તેમને સમુદાયમાં તેમના કાર્ય માટે મેરીલેન્ડના ગવર્નર તરફથી પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ જો બાઈડન અને ત્યારબાદ મેરીલેન્ડના ગવર્નર લેરી હોગન દ્વારા તેમને પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા.

કોવિડ રોગચાળા દરમિયાન મયુરભાઈએ ૨૩ મે, ૨૦૨૦ થી દર અઠવાડિયે ૩૨૦૦૦ થી વધુ પરિવારને ૧.૩૦ મિલિયન પાઉન્ડના ભોજનની સેવા આપી હતી. ૬૫ થી વધુ ફૂડ ડ્રાઈવો હાથ ધરી હતી, મફત કોવિડ પરીક્ષણ પૂરૂં પાડયું હતું અને પ્રથમ રસીકરણ કરનારને PPE કીટ દાનમાં આપ્યા હતા.

એકવાર રસી શરૂ થયા પછી તેમણે સમુદાયને રસીના સંસાધનો આપવાનું શરૂ કર્યું હતું. તેમ છતાં સમુદાયમાં કેટલાક પડકારો હતા જ્યાં કેટલાક લોકો વિવિધ કારણોસર ખાસ કરીને લેટિન ભાષી વસ્તી અને આફ્રિકન અમેરિકન સમુદાયને કારણે રસી લેતા ન હતા ત્યારે મેક્સિકો ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર, ઈક્વાડોરના લેટિનો એમ્બેસી કાઉન્સેલર્સ સાથે ભાગીદારી કરી અને સ્થાનિક વંશીય રેસ્ટોરન્ટોએ લોકોને રસી લેવા માટે શિક્ષિત કર્યા, રેસ્ટોરન્ટમાં ખોરાક પૂરો પાડયો હતો, રસી લેવા માટે તેમને શિક્ષિત કર્યા, તેમને પ્રોત્સાહન તરીકે ભેટ કાર્ડ પ્રદાન કર્યા હતા. આમ જે વિસ્તારમાં રસી લેનારાઓ ખૂબ ઓછા હતા અને તેઓ હોટ સ્પોટ પણ હતા તેવા વિસ્તારોમાં લોકોને રસી આપી હતી.

ભોજન પહોંચાડવાનું અને વેક્સિન આપવાનું કાર્ય હજી પણ ચાલુ જ છે.

૨૦૧૩માં શરૂ થયેલા અમારા બિન-લાભકારી અમેરિકન ડાયવર્સિટી ગ્રુપ હેઠળ કોઈ પાસે વીમો નથી કે પૈસા નથી તે બધાને અહીં મેરીલેન્ડ સ્ટેટમાં તેઓ દ્વારા મંગલ મંદિર, શ્રીનાથધામ, જૈન મંદિર, ગુરુદ્વારા, મસ્જિદ જેવા સ્થળોએ ઘણાં આરોગ્ય શિબિરોનું આયોજન કર્યું હતું. અને તેઓને મફત લેબ ટેસ્ટ પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી તે આજે પણ ચાલુ જ છે.

બાલાસિનોરના ગૌરવશાળી એવા મયુરભાઈ મોદી (સારંગી) ને સંસ્થાવતી ખૂબ ખૂબ આભાર અને તમારા આવા ઉમદા કાર્યની સંસ્થા પ્રશંસા કરે છે.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **દર્શન યોગેશકુમાર પરીખ (જુનાગઢવાળા)**
  ધ લોઢા પાર્ક, અલુરા ટાવર-બી વિંગ ૨૬૦૪
  સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ,
  મુંબઈ - ૪૦૦૦૧૩
  **મોબાઈલ : ૯૮૧૯૦૨૧૯૦૩**
- **નિશિથ પરીખ - ભાવિની પરીખ - કેપ્ટન જીલ પરીખ**
  ડીએલએચ મમતા,
  ફ્લેટ નંબર ૧૩૦૩ / બિ વિંગ, ૨૯ કે.એમ. માર્ગ,
  અપર જુહુ, ધ કલબ પાસે, શાંતી નગર,
  ડી.એન.નગર, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮
  **શ્રી નિશિથ પરીખ - ૯૮૨૦૩૭૨૯૯૬**
  **શ્રીમતી ભાવિની પરીખ - ૯૮૨૦૩૮૩૧૨૦**
  **કેપ્ટન. જીલ પરીખ - ૯૮૨૦૫૮૬૦૦૧**

### ટેલિફોન નંબર

- **ભૂપેન્દ્રકુમાર બા.કડકીઆ** (ઓટલાવાલા) - **૮૪૫૨૯૩૧૯૪૭**
- **ઈલા ભુ.કડકીઆ** (ઓટલાવાલા) - **૯૮૯૨૨૯૧૯૯૯**

### તેજસ્વી તારલા



- **શ્રેયા અજય ધારીઆ (દાઉદીયા)**
  માસ્ટર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (સેમી. ૩) માં એમ.કોમ. સાથે એમ.બી.એ. માં ઉત્તિર્ણ થયેલ છે. સંસ્થાવતી તેઓને હાર્દિક અભિનંદન.

### મૃત્યુ નોંધ

| મૃત્યુ નોંધ | વર્ષ |
|---|---|
| સૌમિલ શરદચંદ્ર કડકીઆ (ટોકરશી) | ૫૫ |
| કુસુમબેન ચીમનલાલ મોદી (ગોધરાવાળા) | ૯૨ |
| અશ્વિન ભિખાલાલ કડકીઆ (વલ્લભઘેલા) | ૮૦ |
| ભગીરથભાઈ નટવરલાલ દોશી | ૮૧ |
| મહેશ રમણલાલ શેઠ (બોરડીવાલા) | ૬૭ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

40

JYOTI PUNJ - November - 2021

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH

RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.